Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वाक्ष प्रमाणीकरण १९८४-११=५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દયારામ ગિદુમલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયારામ ગિદુમલ



લેખક
ટી. એલ. મંધીરમલાની

અનુવાદક
અંબુભાઈ રાવજીભાઈ પટેલ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પ્રકાશક
ટી. એલ. મંધીરમલાની
હિંદુ અનાથાશ્રમ એસ્ટેટ, નડિયાદ

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૯ અને શાખાઓ

કિંમત બાર આના

મે, ૧૯૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદકનું નિવેદન

'Dayaram Gidumal' એ નામના અંગ્રેજી પુસ્તકનું ભાષાન્તર ગુજરાતીમાં રજૂ કરવામાં અત્રે આવ્યું છે. અંગ્રેજી પુસ્તકના લેખક એમના જન્મભૂમિ છે, અને પાકિસ્તાન છૂટું પડ્યા પછી ગુજરાતમાં આવી વસેલા છે. એમના એક ગુજરાતી મિત્ર દ્વારા એમના પુસ્તકનું ગુજરાતીમાં ભાષાન્તર કરવાની એમની ઇચ્છા જાણતાં કેટલીક વિચારણા બાદ આ કામ મેં માથે લીધું. ચરોતર કેળવણી મંડળના સ્વયંસેવક તરીકે મુદ્દત પૂરી થતાં કેટલાક સમયથી નિવૃત્તિ ભોગવતો હોવાથી, નિવૃત્તિમાંથી આવી પ્રવૃત્તિમાં પડવામાં પ્રથમ તો કંઈક ક્ષોભ થયો હતો. પરંતુ જ્યારે દયારામ ગિદુમલનાં પુસ્તકો આ કાર્ય અંગે વાંચી ગયો ત્યારે લાગ્યું કે મારી નિવૃત્તિમાં જે વિચારસરણીઓ અનુસાર જીવન વ્યતીત થતું હતું તે વિચારસરણીને પોષક એમાં ઘણાં તત્ત્વો છે અને એથી કંઈક અંશે એ વિચારોનું મનન અને એ સંબંધેનું લેખન મારી નિવૃત્તિને રસભર બનાવશે. એ કાર્ય એ ઉપરથી મેં શરૂ કર્યું અને સમાપ્ત થયા બાદ 'આ ઘણું ઠીક થયું' એ પ્રકારનો સંતોષ અને આનંદ થાય છે.

આજથી લગભગ ચાળીસ વર્ષો પૂર્વે જ્યારે હું અભ્યાસ કરતો હતો ત્યારે એમનું નામ એક 'કલંકિત આત્મા' તરીકે કર્ણે પડ્યું હતું. આજે એમનાં પુસ્તકો દ્વારા એમનો જે પરિચય થયો છે એ ઉપરથી એમની મહત્તાનો, એમના વિદ્વત્તાનો અને એમના સ્વાર્થત્યાગી સાદા અને સરળ જીવનનો જે ખ્યાલ આવ્યો છે એ ખ્યાલ ગુજરાતની પ્રજાને આવે અને ગુજરાતમાં આવેલા સિંધી નિર્વાસિતો તરફ કંઈક વધારે ઝૂંણી દૃષ્ટિ કેળવાય એમ જરૂર ઇચ્છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયારામભાઈના જમાઈનું નામ 'મંઘીરમલાની' છે. તેઓ કાશ્મીર રાજ્યની કૉલેજના મુખ્ય પ્રાધ્યાપક હતા. નિવૃત્તિ બાદ પ્રારબ્ધની વિચિત્ર દશાને લીધે કેટલાંક વર્ષોથી ગુજરાતના ખેડા જિલ્લાના મુખ્ય શહેર નડિયાદમાં આવી રહેલા છે. ત્યાં તેઓ નડિયાદની પ્રજાની કેટલીય નાનીમોટી એવી ગુપ્ત સેવાઓ કરી રહ્યા છે કે નડિયાદની પ્રજામાં તેઓ 'દાદા' નું માનભર અને લાડકું ઉપનામ પામ્યા છે. દયારામના જમાતૃ તરીકે તેમની પાસે કેટલીય અંગત વાતો હોય એ સ્વાભાવિક છે. ખાસ કરીને દયારામભાઈના પત્રો સાચવી રાખી ઘણીય ગુપ્ત વાતો આ પુસ્તકમાં એમણે રજૂ કરી છે. એ માટે ગુજરાતની જનતા અને હિન્દની જનતા એમની ઋણી રહેશે. વળી દયારામભાઈ જેવા મહાન આત્માનો એમણે પરિચય કરાવ્યો છે એ માટે તો એમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. દયારામભાઈની યાદગીરી રાખવા એમણે ઠીક ઠીક સમય, શક્તિ અને નાણાંનો ઉપયોગ કર્યો છે અને એનું એક ઉમદા પરિણામ તે આ પુસ્તકનું પ્રકાશન.

પુસ્તકમાં ઠીક ઠીક ચર્ચાસ્પદ મુદ્દો દયારામભાઈના દ્વિતીય લગ્નનો છે. એ પ્રસંગે એમને જાહેર જીવનમાંથી 'સંન્યસ્ત' લેવડાવ્યું. એ સંન્યસ્ત કેટલું ઉગ્ર અને કડક હતું એ મહાત્મા ગાંધીજીને પણ એમનાં 'દર્શન' કર્યા સિવાય જ પાછા ફરવું પડ્યું એ પ્રસંગ ઉપરથી સ્પષ્ટ થાય છે.

પ્રારબ્ધની કેવી વિચિત્રતા! દયારામભાઈ જેવા વિદ્વાન અને ધર્મ-માર્ગના પ્રવાસીને પણ પોતાની સર્વ પ્રતિષ્ઠિતતા માથે છીણી મૂકવી પડી એ કંઈ ઓછા ગજબની વાત છે! દયારામભાઈએ પોતાના એ પગલાની પાછળ રહેલા રહસ્યને પોતાના જમાઈ ઉપર લખેલા પત્રમાં ખુલ્લું કર્યું છે. એ રહસ્યમાં રહેલા રહસ્યને તો ધર્મનાં ગહન રહસ્યોના અનુભવી જ સમજી શકે, અને એમના ઉપર શ્રદ્ધા ધરાવનારા ભાવિકો જ સ્વીકારી શકે, બાકી સામાન્ય જનતા તો એ વાતને ગળે ઉતારી શકે નહીં કે એને કેવળ નિંદાત્મક દૃષ્ટિથી જોતાં અટકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં એ ઉઘાડી વાત છે. પહેલા વર્ગને તો કંઈ કહેવાનું રહેતું જ ન હોય પરંતુ બીજા વર્ગને — સામાન્ય જનતાને એ સંબંધે અનેક પ્રશ્નો કરી શકાય અને છતાંય એમને ગમે તેમ સમજાવવામાં આવે તોપણ એમની એ સાપેક્ષ સદ્‌અસદ્‌ દૃષ્ટિને દૂર કરી શકાય જ નહીં એમ મારું નમ્ર માનવું છે. પણ આપણા ધર્મગ્રન્થોમાં વર્ણવેલાં તત્ત્વોને કસોટીના પથ્થર તરીકે સ્વીકારી એ કૃત્યને કઈ કક્ષામાં મૂકી શકાય એનો વિચાર તો જરૂર થઈ શકે છે. એ કાર્ય જે તે તત્ત્વોના જ્ઞાતા-ઓને શિરે રાખી, મને આ કાર્યમાં પ્રત્યક્ષ યા પરોક્ષ મદદ કરનારનો આભાર માની વિરમીશ.

વડોદરા
૧૧મી નવેંબર, ૧૯૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ લેખકનું નિવેદન

મારા સસરાજીની આ કથા છે. કોઈ સારા માણસનો પરિચય મેળવવો ઉપયોગી માનો તો તેને વાંચજો. કારણ કે દયારામ ગિદુમલ ખરેખર સારા માણસ હતા.

નડિયાદ
૨૫મી નવેંબર, ૧૯૫૧

ટી. એલ. મંધીરમલાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	અનુવાદકનું નિવેદન	૩
	મૂળ લેખકનું નિવેદન	૭
૧.	માનવ તરીકે	૩
૨.	ન્યાયાધીશ તરીકે	૧૨
૩.	વિદ્વાન તરીકે	૧૬
૪.	તેમના સિદ્ધાંતો — ૧. સામાજિક સેવા	૨૯
૫.	તેમના સિદ્ધાંતો — ૨. ધ્યાન	૩૨
૬.	જીવનનાં ધુમ્મસ અને વરાળ	૩૬
૭.	વર્ષગાંઠની ભેટ	૪૩
૮.	ગાંધીજી અને ઉપવાસ	૪૮
૯.	કેટલીક વાતો	૪૯
૧૦.	પડછાયો	૫૪
૧૧.	અંત	૬૧

*

શુદ્ધિપત્ર

પાન	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૧	૧૯	એક આદર્શ પુત્ર	એક આદર્શ ગૃહસ્થ
૧૬	૧૫	ધ્યેય હતું,	ધ્યેય હતું.
૩૧	૨૦	માટીની	માટેની
૪૭	૧	એ —	— એ
૫૦	૧૫	મંદિરને	મંદિરનો
૬૨	૨૦	પ્રાથના	પ્રાર્થના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયારામ ગિદુમલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

માનવ તરીકે

દયારામ ગિદુમલનો જન્મ ઈ. સ. ૧૮૫૭ના વર્ષમાં સિંધ હૈદરાબાદમાં થયો હતો. એ વર્ષ એમના જીવનનું એક રીતે સૂચક પણ હતું. એમનું સમગ્ર જીવન જીવનનાં સઘળાં અનિષ્ટ તત્ત્વો સામે બંડખોર વૃત્તિ ધરાવવામાં પસાર થયું હતું.

મજબૂત શરીર અને ચિત્ત-ચાપલ્ય એમને માતપિતા તરફથી વારસામાં મળ્યાં હતાં. એ ઉપરાંત એવા પ્રકારની ધાર્મિક વૃત્તિ પણ એમને વારસામાં મળી હતી કે એમનું સમસ્ત દુન્યવી જીવન એ વૃત્તિના પ્રેરક બળ વડે રંગાયેલું અને ઘડાયેલું હતું. આ વાતનો સ્વીકાર એમણે પોતે જ પાછળથી પોતાના એક લખાણમાં એમ લખીને કર્યો છે કે "પરમાત્મા ઉપર પ્રેમ ન કરવો એ એક ગાંડપણ છે—પરન્તુ એમના પ્રેમમાં પાગલ બનવું એ એક સર્વોત્કૃષ્ટ ડહાપણ છે." એમના કુટુંબ બહારની પણ એક વ્યક્તિએ એમના શરૂઆતના જીવનમાં ઘણી સારી અને ઉચ્ચ અસર કરી હતી. એ વ્યક્તિ તે બાવા ગુરૂપત સાહેબ નામના એ વખતના એક પ્રખ્યાત સાધુમહાત્મા.

એ સમયમાં દેશમાં જે કંઈ સારામાં સારી કેળવણી મળી શકે એમ હતી એ કેળવણી દયારામ પ્રાપ્ત કરી શક્યા હતા. તેઓ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજના વિદ્યાર્થી હતા. એ કૉલેજના મુખ્ય આચાર્ય તરીકે વર્ડ્ઝવર્થ સાહેબ હતા. મહાન આંગ્લ કવિ વર્ડ્ઝવર્થના તેઓ પૌત્ર હતા અને જાતે પણ તેઓ કવિ હતા. વળી હેરાત નામના ફારસી ભાષાના એક પ્રાધ્યાપક પણ એ કૉલેજમાં શિક્ષણ આપતા હતા. આ બન્ને વ્યક્તિઓ દયારામભાઈ ઉપર ખૂબ પ્રેમ રાખતી. વિદ્યાર્થી તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે સાહિત્યના વિષયમાં ઘણાં ઇનામો મેળવ્યાં હતાં એટલું જ નહિ પરન્તુ એમનું બુદ્ધિકૌશલ્ય અને ચારિત્ર્યબળ એવાં અજબ અને ઉચ્ચ પ્રકારનાં હતાં કે માર્શલ બર્ડવૂડ નામના મહાન સેનાપતિના પુત્ર બર્ડવૂડે — જેઓ એ સમયે સિંધના જ્યુડિશિયલ કમિશનર હતા — તેમણે દયારામભાઈ માટે ખાસ ભલામણ કરી તેમને સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસ*-માં લેવડાવ્યા હતા. બર્ડવૂડ સાહેબ પાછળથી મુંબઈની હાઈ કોર્ટના એક ન્યાયાધીશ તરીકે નિમાયા હતા, અને તેમના એક પ્રકારના રક્ષિત દયારામ-ભાઈના હિતમાં તેઓ એટલો બધો રસ ધરાવતા થઈ ગયા હતા કે એ સંબંધ જીવન પર્યન્તની મિત્રાચારીમાં પરિણમ્યો હતો.

દયારામ ગિદુમલ અનેક મિત્રો મેળવવામાં ભાગ્યશાળી બન્યા હતા. તેમની સાથેનો તેમનો પત્રવ્યવહાર પણ લાંબો અને નિકટનો રહેતો. તેમના મિત્રોમાં હિંદીઓ ઉપરાંત યુરોપવાસીઓ પણ હતા. સૌથી વધુ નિકટના તેમના બે મિત્રોમાં એક હીરાનંદ શોકીરામ અડવાણી અને બીજા બહેરામજી મહેરવાનજી મલબારી કરીને હતા. બન્ને મિત્રો ઉત્સાહી સામાજિક સુધારકો હતા અને દયારામભાઈ એ બે બન્નેનાં જીવનવૃત્તાંતો અંગ્રેજીમાં લખ્યાં છે. હીરાનંદનું જીવન 'એક વિનમ્ર આત્માનું જીવન' — The Life of an Humble Soul — નામથી સિંધની એક યુરોપિયન પેઢીએ પ્રગટ કરેલું અને મલબારીનું જીવન મુંબઈમાં છપાયેલું અને પ્રસિદ્ધ થયેલું.

મલબારી એમના સમયના એક મહાન પ્રેરક બળ તરીકે ગણાતા. તેઓ એક પ્રભાવશાળી લેખક હતા. તેમણે અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષામાં લખ્યું છે. તેઓશ્રી એ સમયની સરકાર અને પ્રજા બન્નેમાં પ્રીતિપાત્ર બન્યા હતા. એમ કહેવાય છે કે એ સમયના અંગ્રેજ

* લૉર્ડ લિટન નામના વાઈસરૉયે સ્ટેચ્યુટરી સિવિલ સર્વિસની પ્રથા શરૂ કરી હતી. એમાં કેવળ અંગ્રેજો માટે જ સરકારની કેટલીક ઉચ્ચ કક્ષાની નોકરીઓ અનામત રાખી હતી. દયારામભાઈ હિંદી હોવા છતાં બર્ડવૂડ સાહેબની ભલામણથી એ સર્વિસમાં લેવાયા એ એમની વિશેષતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઈસરૉય લૉર્ડ કર્ઝન સાહેબ જ્યારે મુંબઈની મુલાકાતે પધાર્યા હતા, ત્યારે મલબારીની માંદગીની વાત સાંભળી તેમની ખબર જોવા તેમને ઘેર ગયા હતા. હિન્દુસ્તાનમાં અત્યારે પણ એવા ઘણા લોક હશે કે જેઓ આવી મુલાકાતમાં મલબારીનો કેટલો મોભો અને પ્રતિષ્ઠા રહેલાં હતાં એનો બરાબર કયાસ બાંધી શકતા હશે. હિંદના એક મહાન નેતાને મુલાકાત આપીને વાઈસરૉય સાહેબે તેમને અપૂર્વ માન આપ્યું હતું. ઈ. સ. ૧૮૮૭નો 'લગ્ન સંમતિનો કાયદો' એ નામનો કાયદો ઘડવામાં મલબારીએ સારો ફાળો આપ્યો હતો એ એક નોંધપાત્ર બીના છે. તેઓશ્રી એમના મિત્ર દયારામભાઈ માટે કેટલી કિંમત આંકતા હતા અને લાગણી ધરાવતા હતા એ સંબંધે મલબારીના પુત્રે એમની એક બાનગી વાતચીત દરમિયાન એવું જણાવ્યું હતું કે "મારા પિતાશ્રી એક મહાન માનવી હતા: પરંતુ દયારામભાઈ એમના કરતાં પણ મહાન હતા." મલબારીએ દયારામભાઈ ઉપરનું એક નીચે લખેલું કાવ્ય જાણીતું છે:

અદ્‌ભુત મિત્રભાવ

કેમ અને કયારે મળ્યું મન તહારું મ્હારી સાથ
દિલ સાથે દિલ મળ્યું? હાથ મળ્યો હાથ શું!
એના એક કયારે અને કેમ થયા નેક મિત્ર?
તહારામાં સમાવા પહેલાં મ્હારામાં સમાત તું?
કોણથી કથાય એવો દૈવી એકતા સ્વભાવ?
એના એક થયા પહેલાં એકના બે થાત શું?
હા, કશું અશકય નથી સર્વશક્તિમાન! તહને.
એકના બે કરી બતલાવે જગતાત તું! ૧

એક ધર્મ એક કર્મ એક અધિકાર એને,
એક કિરતાર, તારનાર એક જોઉં છું;
એક જ સંસાર, એક આચાર વિચાર એને,
એક અહંકાર,—તહારામાં હું મ્હારો બોઉં છું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેશ ઉદ્દેશ એક, વિશેષ કહું શું બીજું,
એકચ-અવલોકનમાં ચિત્ત ચટ્ટ પ્રેાઉં છૂં;
ઉમંગ તરંગે ઉછળાઈ હું સમુદ્ર આંહિ
શાન્ત સુવદન તું શશી ઉપર મેાહું છૂં. ૨

શી એ મિત્રતા જ ! જેમાં જોઈ ન જુદાઈ કાંઈ:
ભલી જ ભલાઈ ભાઈ તહારીથી તણાઉં છૂં;
ત્રાહિ ! ત્રાહિ ! જગતતવાઈથી પેાકારતેા હું
આવી તહારી શીતળ છાયા તળે ભરાઉં છૂં;
શાન્તિ શીખવી તું નિવૃત્તિએ મન શુદ્ધ કરે,
એ તહારા અપાર ઉપકાર નિત્ય ગાઉં છૂં;
મિત્રનું ચરિત્ર ચિત્ર અલ્પ આ ઉતારી અત્ર
એકત્ર સંગથી તૂં બની પવિત્ર થાઉં છૂં. ૩

શા હું તહારા હૃદય વિસ્તારના વિચાર કરું,
કેમ વર્ણવું, વીરા, ગામ્ભીર્ય મુખારવિંદનૂં ?
કેમ અને કયારે તહારે મ્હારે પ્રીતિપાસેા પડ્યો ?
હું ગુર્જર ગુંજકર, તું કમલ સિંધનૂં !
ધન્ય મિત્રતા એ સગાભાઈથી સવાઈ એવી
દયારામ માહીં દેખું દયા મધ્યબિન્દુ છૂં.
ના, ના, એ ભાટાઈથી સુગાઈ કાં ભરાઈ જાય ?
તહારામાં શમ્યેા હું, તેા તું પેાતે પણ છૂં જ છૂં. ૪

(નેાંધ–'આપણી કવિતા સમૃદ્ધિ', સંકલનાર બ. ક. ઠાકેાર, પ્રકાશક : ગુજરાત વર્નાકયુલર સેાસાયટીમાંથી ઉપરનું કાવ્ય ઉતાર્યું છે અને જોડણી પણ એ પ્રમાણે જ રાખી છે.)

દયારામભાઈ એટલા બધા ભલા અને સત્યનિષ્ઠ હતા કે તેમના તરફ ચાહના ન રાખે એવા લેાક હેાઈ શકે નહિ. પરંતુ કેટલાક યુરેાપવાસીઓ એવા પણ હતા કે તેમનેા સ્વતંત્ર સ્વભાવ અને નીડરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને પસંદ નહોતાં. ગુજરાતના એક ઉચ્ચ કક્ષાના ન્યાયાધીશે એમના સંબંધે મને એક નીચેની વાત કરી હતી:—

અમદાવાદમાં એક મેળાવડો હતો. સમારંભના મુખ્ય મહેમાનોમાં એક અંગ્રેજ મહેમાન ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ હતા અને બીજા ડિસ્ટ્રિક્ટ જજ દયારામ ગિદુમલ હતા. સમારંભ દરમિયાન દયારામભાઈ ને વિજ્ઞપ્તિ કરવામાં આવી કે તેમણે સભાને ઉદ્દેશીને બે બોલ કહેવા. એ ઉપરથી તેમણે ભાષણ દરમિયાન કહ્યું કે, "ભૂતકાળના આપણા હિંદી બાદશાહો પ્રજાને બરાબર ન્યાય મળે છે કે નહિ એ તરફ લક્ષ આપવા હંમેશાં ચિંતાતુર રહેતા. જહાંગીર બાદશાહે પોતાના મહેલ આગળ એ માટે એક ઘંટ બાંધી દોરી ખેંચવાની યોજના કરી હતી જેથી ગરીબમાં ગરીબ મનુષ્ય પણ ન્યાય મેળવવા બાદશાહનું ધ્યાન ખેંચી શકતો. આ બાબત ખરેખર સ્તુત્ય હતી." અંગ્રેજ ન્યાયાધીશ કે જે ટોરી પક્ષનો હતો, અને પૂર્વના પ્રદેશની કોઈ પણ બાબત સ્તુત્ય હોઈ શકે જ નહિ એવી માન્યતા અને પૂર્વગ્રહ ધરાવતો હતો, તે મશ્કરીમાં બોલી ઊઠ્યો કે "દયારામભાઈ જરૂર જહાંગીર બાદશાહનું આ બાબતમાં તત્કાળ અનુકરણ કરી શકે છે!" દયારામભાઈ એ પણ તરત જ હાજરજવાબીથી કટાક્ષમાં કહ્યું કે "હું તમારી સલાહ માનવા એકદમ તૈયાર છું; પરંતુ તમારા વિરુદ્ધ રોજની લગભગ સો જેટલી ફરિયાદો આવે તે બધીને મારે કેવી રીતે પહોંચી વળવું એની મોટી મુશ્કેલી છે." ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ હિંદ-વિરોધી વલણ ધરાવે છે એવું મનાતું હોવાથી લોકોમાં તે ઘણા અપ્રિય થઈ પડ્યા હતા. સ્વાતંત્ર્યપ્રિય દયારામભાઈના આવા કટાક્ષથી તેમને ઘણું જ લાગી આવ્યું; પણ કરે શું?

દયારામભાઈ એ પોતાનો સ્વાતંત્ર્યપ્રિય સ્વભાવ એક બીજા સમયે પણ વધારે સારી રીતે બતાવી આપ્યો હતો. પ્રસંગ હતો લૉર્ડ કર્ઝન સાહેબની સિંધની મુલાકાતનો. કરાંચીમાં વાઇસરૉય સાહેબની મુલાકાતના માનમાં એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. દયારામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈ એ સમયે સિંધના 'જ્યુડિશિયલ કમિશનર'નો ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા અને તેથી મેળાવડામાં તેમને પણ આમંત્રણ આપી વાઈસરૉય સાહેબના ડાબા હાથ તરફ તરત જ બાજુમાં બેસાડવામાં આવ્યા હતા. ચા–સામગ્રી આણવામાં આવી ત્યારે વાઈસરૉય સાહેબે સ્વહસ્તે ચા તૈયાર કરી દયારામભાઈને આપવાનો વિવેક કર્યો. દયારામભાઈ એ તરત જ સભ્યતાથી એ ચાનો અસ્વીકાર કરતાં કહ્યું કે "નામદાર સાહેબ! મને માફ કરશો. મારો હિંદુ ધર્મ પરધર્મી આપ સાહેબના હસ્તથી કોઈ પણ ખાદ્ય કે પેય પદાર્થ સ્વીકારવાની મને મના કરે છે!" વાઈસરૉય સાહેબે પણ એટલી જ સભ્યતાથી કહ્યું કે "વિદ્વાન ન્યાયાધીશ સાહેબ! આપની ધાર્મિક વૃત્તિને હું પણ માન આપું છું!" આજથી પચાસ વર્ષ પહેલાં ઉચ્ચ હોદ્દો ધરાવતા કેટલા હિંદી અમલદારો આ પ્રમાણેનું વર્તન રાખી શકયા હોત? કેટલા આવી નીડરતા બતાવી શકયા હોત? જવલ્લે જ કોઈ. આજના જમાનામાં તો જુનવાણી સામાજિક રૂઢિઓ સામે હિંદના સુધારક યુવાનોએ બળવો પોકાર્યો છે અને કદાચ એ સાચું પગલું પણ હશે, પરંતુ એ સમયે તો એ રૂઢિચુસ્તતાએ જ હિન્દુ ધર્મનું રક્ષણ કર્યું છે અને તેને નષ્ટપ્રાય થતો અટકાવ્યો છે, એમ મારું માનવું છે.

ધર્મચુસ્તતાને લીધે જ દયારામભાઈ સમુદ્ર ઓળંગી યુરોપના પરદેશના પ્રવાસે ગયા નહોતા; જોકે યુરોપ એ વિજ્ઞાનનો પ્રદેશ હતો અને દયારામભાઈ વિજ્ઞાનના વિષય તરફ ખૂબ પ્રશંસાની નજરે જોતા હતા. પરન્તુ પ્રવાસની કિંમત કેળવણીમાં કેટલી છે એ દયારામભાઈ બરાબર સમજતા હતા અને તેથી જ તેમણે હિંદમાં સર્વત્ર ઘણો લાંબો પ્રવાસ કર્યો હતો. પ્રવાસ દરમિયાન તેઓ જે તે પ્રદેશનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓની મુલાકાત લેતા અને ત્યાંના કાર્યકર્તાઓ સાથે એ પ્રદેશના મુશ્કેલીના પ્રશ્નોની ચર્ચાઓ કરી એ મુશ્કેલીઓ કેવી રીતે દૂર કરવી એના ઉપાયો પણ સૂચવતા. એ પ્રવાસો દરમિયાન એમણે જે કંઈ નિરીક્ષણો કર્યાં હતાં એની વિગતો અંગે એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક લેખો પણ લખ્યા હતા. એ સર્વ લખાણ મુંબઈથી પ્રસિદ્ધ થતા 'ધી ઇન્ડિયન સ્પેકટેટર' નામના અંગ્રેજી માસિકમાં તેમણે ક્રમશઃ પ્રસિદ્ધ કરાવ્યું હતું. એ પત્રના તંત્રી તેમના મિત્ર મલબારી હતા. એ લખાણની ઘણીખરી હકીકતો હાલમાં તો એક ભૂતકાળના ઇતિહાસ સમાન ગણાય છતાં એનું વાચન ઘણું રસપ્રદ થઈ શકે એવું છે. એમાં એમણે એ વખતની હકીકત લક્ષમાં લઈને જે કંઈ નિર્ણયો બાંધ્યા હતા તે હાલમાં પણ કંઈ ઓછા કીમતી ગણાય એમ નથી. એક ઠેકાણે એમણે એમ જણાવ્યું છે કે "હિંદવાસીઓ—ખાસ કરીને હિંદુધર્મીઓ પોતાના અલગતાના ચોકાઓ રાખવાની વૃત્તિઓને લીધે ઘણું સહન કરી રહ્યા છે, અને નુકસાન વેઠી રહ્યા છે." વળી એક ઠેકાણે એમણે એમ પણ ભલામણ કરી છે કે હિંદે પોતાના ઉદ્ધાર અને મુક્તિ માટે હિંદુ-મુસ્લિમ ઐકય સાધવું પડશે અને અસ્પૃશ્યતાનો નાશ કરવો જોઈશે. હિંદમાં જે કંઈ અનિષ્ટો જોવામાં આવે છે તેમને દૂર કરવાં હોય તો સાચી કેળવણી દ્વારા જ તે થઈ શકે એમ છે એમ પણ તેમણે એક ઠેકાણે આગ્રહપૂર્વક જણાવ્યું છે. વળી તેમણે એમ પણ જણાવ્યું છે કે દુનિયામાં જો શાંતિ સ્થાપવી હોય તો તે માનવ-પ્રેમ દ્વારા જ થઈ શકશે. એમણે એક ઠેકાણે એવું પણ ગાયું છે કે "લડાઈથી લડાઈનો અંત આવી શકે નહિ, અને જેઓ બીજાઓને ગુલામો બનાવે છે તેઓ જાતે જ ગુલામો બની જાય છે; જેઓ બીજાઓને દબાવે છે તેઓ જાતે જ બીજાઓથી દબાઈ જાય છે; અને જુલમના ભોગ થઈ પડે છે." દયારામભાઈ એ અંગ્રેજીમાં એક પુસ્તિકા લખી છે—એનું નામ 'ધી આલ્ફાબેટ ઑફ ડિસિપ્લીન' —શિસ્તની બારાખડી. એમાં બે સુન્દર પ્રાર્થનાઓ છે અને જો એ પ્રાર્થનાઓનો વ્યવહારમાં અમલ કરવામાં આવે તો આપણી પૃથ્વી સ્વર્ગ સમાન બની જાય એમ છે. પહેલી પ્રાર્થનાનો ભાવાર્થ નીચે મુજબ છે:

"હે પરમ પ્રેમસ્વરૂપ પરમાત્મા! તારા પ્રેમના અંશથી સર્વે ભરપૂર છે. જુદા જુદા પ્રકારની શ્રદ્ધા ધરાવનાર સર્વ હરીફ પંથીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારા મંદિરમાં એકત્રિત કર! અજ્ઞાનનો પડદો ચીરી જ્ઞાનનો પ્રકાશ આપ કે જેથી અમે સર્વ જાણી શકીએ કે તું જ સૌથી પુરુષ-પુરાણ છે. અમે ફક્ત તને જ ભજીએ છીએ. ભિન્ન ભિન્ન નામધારી વ્યક્તિઓ પૂજનમાં તો એક જ ભાવનાથી પરમાત્મા તરફ હાથ લંબાવે છે. સ્વરૂપો ભિન્ન ભિન્ન હોવા છતાં સર્વમાં એક જ અંતર-આત્મા રહેલો જોવામાં આવે છે. જુદાં જુદાં અનેક વહાણોમાં અમે પ્રવાસ કરીએ છીએ પરંતુ લક્ષ્ય-સ્થાન તો એક જ પરમાત્માની ભૂમિ જ છે.

"મેઘધનુષ્યની માફક પરમાત્મા સપ્તરંગી છે. દરેક જણ એક એક રંગનો પ્રકાશ જુએ છે, અને તેને જ સંપૂર્ણ પરમાત્મા માને છે. અમારી એ અપૂર્ણતા, હે પરમાત્મા! તું દૂર કર જેથી અંતે સાતે રંગોનું — તારી સંપૂર્ણતાનું અમને જ્ઞાન થાય.

"હિંદુઓ ગૂઢ જીવનની વાંચ્છના રાખે છે. પારસીઓ પાપવિનાશક પાવનકારી અગ્નિની પૂજા કરે છે. બૌદ્ધધર્મીઓ હૃદયસાગરમાં ઊછળતાં વૃત્તિરૂપી મોજાંને શાન્ત કરી કાયમનું આરામસ્થાન શોધે છે. ઇસ્લામ ધર્મનું ધ્યેય બીજના ચંદ્રની માફક પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાનું છે. એ સર્વે ઉપાસનાઓ, હે ઈશ્વર! તુજ સ્વરૂપની જ છે અને તારા માટે જ છે.

"રોમના લોકો મિથ્યાભિમાન વિનાના, શરીરબળની ઉપાસના કરતા હતા. અહંકારના અનિષ્ટ તત્ત્વ સિવાયની ઉપાસના, એ તારી શક્તિની જ ઉપાસના છે. ગ્રીસ દેશના વાસીઓ સૌંદર્ય અને આનંદ તત્ત્વની ઉપાસના કરતા હતા. મૃત્યુમાં રહેલા શોક તત્ત્વ વિનાનું એ આનંદનું સ્વરૂપ એ તારું જ સ્વરૂપ છે.

"જ્યુડાનો-યહૂદીઓનો સત્યનો કાયદો અસત્યની નિંદા કરતો હતો છતાં એમાં પ્રેમ અને ક્ષમા રહેલાં હતાં. એ સત્ય પ્રેમ અને કૃપાનું સ્વરૂપ, હે પરમાત્મા! એ તારું જ સ્વરૂપ છે.

"પિતા-પરમેશ્વરની, કેટલાક લોકો, ઉપર આકાશમાં રહેલા માની ત્યાં શોધ કરે છે: કેટલાક લોકો માનવીના જેવી મૂર્તિમાં પરમેશ્વર રહેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એમ માની માનવ સમાન મૂર્તિની પૂજા કરી ત્યાં પરમાત્માની શોધ કરવાનો પ્રયત્ન કરે છે: ત્યારે કેટલાક લોકો પરમેશ્વર જીવન અને પ્રેમમાં વિશાળ સ્વરૂપે વ્યાપ્ત છે એમ માની એમાં જ ઉત્કટતાથી આત્મસ્વરૂપનો અનુભવ કરવાની તીવ્ર વાંચ્છના રાખે છે. હે પરમેશ્વર, તમારા આવાસમાં ઉપરોક્ત સર્વ કાંઈ છે અને એ ઉપરાંત પણ વિશેષ જોવામાં આવે છે.

"હે પરમાત્મા! અમને સર્વને તમારી છત્ર-છાયા નીચે એકત્રિત કરો."

બીજી પ્રાર્થનાનો ભાવાર્થ નીચે મુજબ છે:—

સવાર અને સાંજની પ્રાર્થના

"હે પ્રભુ! દુનિયામાં વસતી નાનીમોટી તમામ પ્રજાઓને એક જ સમૂહતંત્રના નાગરિકો બનાવો! દરેક પ્રજા ભલે પોતપોતાની રીતે આત્મ-સુખ ભોગવે! દરેક પ્રજા પોતાનું સ્વાતંત્ર્ય જાળવીને ભલે એકબીજા સાથે સંકળાયેલી રહે! સર્વ સ્થળે સર્વ પ્રજાઓમાં ઉજ્જ્વળ ઐકચની ભાવના પ્રવર્તો! એક જ દુનિયા, એક જ ભાવિ-નિર્માણ, એક જ માનવજાત, એક જ કુટુમ્બ અને એક જ પ્રભુ છે એવી ભાવના હો! સર્વ રાજ્યનો એક જ આધાર-સ્તંભ હો! સર્વ જુદા જુદા કાયદાઓ એક જ—પ્રભુના—કાયદાનું સર્વોચ્ચ પદ સ્વીકારતા રહો! સર્વ જીવો એક પરમાત્માથી જ પ્રેરાયેલા રહો! જીવનનું ઐકચ અને એક જ પ્રભુ-પ્રેમ, એવી ભાવના સદોદિત રહો!"

તેમની પ્રવૃતિનાં મુખ્ય કાર્યક્ષેત્રો સિંધ અને ગુજરાત હતાં. એક આદર્શ એક આદર્શ પતિ, એક આદર્શ પિતા અને એક નમૂનેદાર મિત્ર તરીકે સિંધના લોકો તેમના તરફ પૂજ્યભાવ રાખતા હતા. ગુજરાતમાં તો તેઓના તરફ એટલો બધો આદરભાવ અને પૂજ્યભાવ હતો કે એક ધનાઢ્ય સદ્‌ગૃહસ્થે એક લાખ રૂપિયા ખર્ચીને તેમનું બાવલું બહુ કરવાની તેમની પરવાનગી માગી હતી. પરંતુ બાહ્ય દેખાવમાં નહિ માનનાર દયારામભાઈ એ એ રજા આપી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ન્યાયાધીશ તરીકે

મુંબઈ ઇલાકાની સરકારી નોકરીમાં તેઓ જોડાયા હતા અને તેમની કારકિર્દીનો અધો સમય અંગ્રેજોએ હિંદમાં સુધારા દાખલ કર્યા ત્યાર પહેલાંનો જ હતો. એ સમયે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ જેવા ઉચ્ચ હોદ્દાએ ભાગ્યે જ કોઈ હિન્દી પહોંચી શકતો અને તેથી મહત્ત્વાકાંક્ષી હિન્દીઓને બનતા સુધી ન્યાયખાતાની નોકરીમાં જોડાવાને ઉત્તેજન મળતું. દયારામભાઈ એ પણ એ પ્રમાણે જ ન્યાયખાતામાં નોકરી લીધી.

શિકારપુર (સિંધ), અમદાવાદ, સુરત અને ખાનદેશના જિલ્લાઓમાં તેમણે ડિસ્ટ્રિક્ટ જજ તરીકે કામ કર્યું હતું. કેટલાક વખત સુધી તો તેમણે લીગલ રીમેમ્બ્રન્સર–ન્યાયમંત્રી–જેવી ઉચ્ચ જગ્યાએ પણ કામ કર્યું હતું. ઈ. સ. ૧૯૦૨માં પોલીસ કમિશનમાં પણ તેમણે કામ કર્યું હતું. સિંધમાં જ્યુડિશિયલ કમિશનર તરીકેનો ઉચ્ચ હોદ્દો પણ તેમણે ભોગવ્યો હતો. મુંબઈ હાઈ કોર્ટના ન્યાયાધીશનો હોદ્દો લેવાનું તેમને કહેવામાં આવતાં તેમણે ના પાડી હતી. કારણમાં કદાચ એમ પણ હોઈ શકે કે એ માન એમને જોઈએ તે કરતાં અત્યંત વધારે અસૂરું અર્પણ કરવામાં આવતું હોવું જોઈએ. ત્યાર પછી નિવૃત્ત થતા પહેલાં મળી શકતી રજાઓ લઈ તેઓ છેવટે ઈ. સ. ૧૯૧૨માં નિવૃત્ત થયા હતા.

ન્યાયાધીશ તરીકે ઉદ્યોગી અને સ્વતંત્ર સ્વભાવના તો તેઓ હતા જ પરંતુ પ્રામાણિકપણા માટે તો તેઓ ખૂબ જ પ્રખ્યાત હતા. એક સમયે એક અંગ્રેજ કલેક્ટર તેમની પાસે આવ્યો હતો અને એક સરકારી કૉન્ટ્રેક્ટર સામે મુકદ્દમો ચાલતો હતો તેની વિરુદ્ધમાં સરકારની તરફેણમાં વગ ચલાવવાનો તેણે પ્રયત્ન કર્યો કે તરત જ દયારામભાઈએ એ ઉચ્ચ અમલદારને ધમકો આપ્યો હતો. તેમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હંમેશના નિર્મળ વલણનું તો આ એક દૃષ્ટાંત છે. દયારામભાઈએ એથી પણ વધુ હિંમત બતાવ્યાની એક વાત લોકોમાં પ્રચલિત છે. એક મોટા હિંદી આગેવાનને ક્રાંતિમાર્ગી હરાવી સજા કરવામાં આવી. સરકારને પોતાના કૃત્ય ઉપર લોકોમાં જેની સારી છાપ હોય તેવા કોઈ હિંદી ન્યાયાધીશ પાસે મહોર મરાવવી હતી. દયારામભાઈ ને પૂછવામાં આવ્યું કે તેઓ સરકારને એ બાબતમાં મદદ કરશે કે કેમ. તેમણે જવાબ આપ્યો : " એક રમકડા ખાતર હું મારી લખચોરાસી નહીં બગાડું." સિંધમાં તેમણે બે એવા ન્યાયના ચુકાદા આપ્યા હતા કે જેને માટે લોકો તેમને હજુ પણ યાદ કરે છે.

એક હિન્દુ શેઠિયાએ એક કુમારી કન્યાના પાવિત્ર્યનો ભંગ કર્યો હતો અને એના ઉપર કોર્ટમાં કામ ચાલતું હતું. પોતાના બચાવ માટે એ શેઠિયાએ સારામાં સારા કાયદાના સલાહકારો રોકયા હતા અને પોતાની વિરુદ્ધ જાય એવા સાક્ષીઓને ફોડવા અઢળક દ્રવ્ય વાપર્યું હતું. છતાં દયારામે કાયદાનું પાલન કરી એને સખતમાં સખત શિક્ષા કરી હતી.

બીજા એક મુકદ્દમામાં એક મુસ્લિમ ફકીર હતો. તેના ઉપર ખૂનનો આરોપ હતો. તેણે બચાવમાં કહ્યું કે અલ્લાહના ફરમાનથી મેં આ ખૂન કર્યું છે અને અલ્લાહ રાજ્યના કાયદા કરતાં વધારે ઉચ્ચ છે! ઘણા મુસ્લિમ ધર્મ જનૂનીઓએ એની વાત માન્ય રાખી હતી અને તેના તરફ સહાનુભૂતિ પણ દર્શાવી હતી. તેમણે વળી દયારામ ઉપર ધમકીભર્યા પત્રો પણ લખ્યા હતા. છતાં દયારામ જરાય ડર્યા નહિ અને કહ્યું કે "જે અલ્લાહનો હુકમ તેણે માન્યો હતો તે સાચો અલ્લાહ હોઈ શકે નહિ." દયારામે તેને પણ પૂરેપૂરી શિક્ષા ફરમાવી હતી.

ગુજરાતમાં પણ તેમણે આપેલા ન્યાયના એ ચુકાદાઓ તરફ લોકો ખૂબ જ આદરભાવથી જોતા હતા. ડાકોરના પૂજારીને તમે મળશો તો એ મંદિર સંબંધે તેમણે આપેલો ચુકાદો કેટલો ધર્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણાયક છે એની તમને આદરભાવપૂર્વક વાત સાંભળવાની મળશે. અમદાવાદની મસ્જિદના કેસનો પણ એમનો ચુકાદો એટલો બધો સરસ હતો કે ત્યાંના મુલ્લાઓ તો તેમને પયગંબર સાથે સરખાવ્યા હતા અને કહ્યું હતું કે ખુદા તાલા જેટલા જ તેઓ અદલ ઇનસાફી છે. બન્ને સંસ્થાઓની ધાર્મિક પૂજન વ્યવસ્થામાં ખૂબ ગોટાળો ચાલતો હતો અને સ્વાર્થસાધુઓ તેમાંથી અયોગ્ય લાભ ઉઠાવી જતા હતા. આ મુકદ્દમામાં જે અગત્યના દસ્તાવેજો પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા તેમને સમજવામાં સંસ્કૃત અને ફારસી ભાષાના જ્ઞાનની ખાસ આવશ્યકતા હતી. દયારામે એ બન્ને ભાષાઓના જ્ઞાનનો પરિચય આપી તેમનો સંતોષકારક નિકાલ કરી આપ્યો હતો. મસ્જિદનો કેસ તો બાર વર્ષથી ચાલતો આવતો હતો. તેનો ફક્ત બે જ દિવસમાં તેમણે ચુકાદો આપી દીધો! ન્યાયાધીશ તરીકે દયારામ ખૂબ ઝડપથી બરેબરો નિર્ણય બાંધવામાં અદ્‌ભુત શક્તિ ધરાવતા હતા.

ઓગણીસમી સદીમાં હિંદમાં સરકારી અમલદારોની કારકિર્દીમાં આજના જેવાં રાજકીય બંધનો નહોતાં, તેથી દયારામ જાહેરમાં પણ ખૂબ સ્વતંત્રતાથી આગળપડતો ભાગ લઈ શકતા હતા. 'સિંધસભા' નામની તે વખતની સિંધની એક આગળપડતી રાજકીય સભામાં દયારામ આગેવાનીભરેલો ભાગ લેતા હતા, અને તેના 'સિંધ-સુધાર' નામના સામયિકમાં તેઓ ખૂબ છૂટથી લેખો લખતા. સિંધનાં બીજાં સામયિકો માટે પણ તેઓ એવા સરસ લેખો લખતા હતા કે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' જેવા અંગ્રેજો ઇન્ડિયન પત્રના તંત્રીએ તેમને પોતાના પત્ર માટે રાજકાજ સંબંધી લેખો લખવાનું આમંત્રણ આપ્યું હતું. એવી જાતના લેખો એ પત્રના અધિપતિ ફક્ત વિદ્વાનો પાસે જ લખાવતા, એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. ઈ. સ. ૧૮૮૪માં મુંબઈની ધારા-સભામાં સુધરાઈ સંબંધેનો ખરડો રજૂ થયો હતો. સિંધ પ્રદેશના એક આગેવાન તરીકે તેમણે એ ખરડો પસાર કરાવવામાં આગળ-પડતો ભાગ લીધો હતો અને લૉર્ડ રિપનની આ બાબતની સેવાઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબરમાં તેમણે પોતાના વિભાગમાં એક સ્મારક બહુ કરાવડાવ્યું હતું. 'મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ' સુધારા સૂચવવા જે કમિશન અહીં હિંદમાં આવ્યું હતું તેની સમક્ષ દયારામે એવી સરસ જુબાની આપી હતી કે કટિસ નામના અંગ્રેજ સભ્યે તેમનાં ખૂબ વખાણ કર્યાં હતાં. સરકાર પણ દયારામની વિદ્વત્તાનો લાભ ઉઠાવવામાં પાછી પડી નહોતી. સિંધની જાગીરદારી પદ્ધતિ ઉપર તેમની પાસે સરકારે એક પુસ્તક લખાવડાવ્યું હતું અને તે એક ઊંચી કક્ષાના માર્ગદર્શક પુસ્તક તરીકે પુરવાર થયું છે. તેઓ સરકારી અમલદાર હતા છતાં ઘણી અર્ધ-સરકારી સંસ્થાઓમાં ભાગ લઈ શકતા હતા અને સરકાર તરફથી એ માટે કોઈ પણ જાતનો વાંધો લેવાતો નહોતો, એ વાત પણ નોંધપાત્ર છે કેમ કે પાછળથી સરકારી અમલદારો ઉપર એવાં ઘણાં બંધનો લાદવામાં આવ્યાં હતાં. સિંધની સિંધી સાહિત્ય સભાના તેઓ પ્રમુખ હતા. વળી કરાંચી મ્યુનિસિપાલિટી, નવલરાય હીરાનંદ વિદ્વદ્-સભા અને મધોપીરના પતિયાઓના દવાખાનાના પ્રમુખો તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. શિકારપુરમાં તેમણે એક ગીતા-વર્ગ પણ શરૂ કર્યો હતો. સરકારી અમલદાર હતા છતાં તેઓ આવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતા હતા અને સરકાર તરફથી તેમને કોઈ પણ પ્રતિબંધ નડતો નહોતો એ બાબત ખાસ સૂચક ગણી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

વિદ્વાન તરીકે

ન્યાયાધીશ તરીકે તો દયારામભાઈ મહાન હતા પરંતુ એક વિદ્વાન તરીકે તો એથી પણ વિશેષ મહાન હતા. તેઓ એક ભાષાશાસ્ત્રી હતા. તેમને અનેક ભાષાઓનું જ્ઞાન હતું. સિંધી અને અંગ્રેજી ઉપરાન્ત હિંદી, પંજાબી, ગુજરાતી, સંસ્કૃત, ફારસી, અરેબિક, ફ્રેંચ, હિબ્રૂ અને આર્મિનિયન ભાષાઓનું પણ તેમને જ્ઞાન હતું. તેમાંની સંસ્કૃત, અરેબિક, હિબ્રૂ અને આર્મિનિયન તથા પંજાબી ભાષાઓ તો ધાર્મિક ગ્રન્થોના અભ્યાસ માટે જ—તેમની મૌલિક ખૂબીઓ સારી રીતે સમજાય તે માટે જ — તેઓ શીખ્યા હતા. ફ્રેન્ચ ભાષા તો 'વિજ્ઞાન'ના જ્ઞાનપ્રેમ માટે શીખ્યા હતા. તેઓ આમ તો 'કળા'ના વિદ્યાર્થી હતા છતાં ખાનગી રીતે પશ્ચિમના દેશોના વિજ્ઞાનનો બની શકે એટલો નિકટનો અભ્યાસ તેમણે કર્યો હતો. તેમણે પોતાની સ્મૃતિનોંધમાં એક સ્થાને જણાવ્યું છે તેમ તેઓ શાણપણનું મૂર્ત સ્વરૂપ બનવા માગતા હતા. પણ શાણપણ પ્રાપ્ત કરવું એ તેમનું અંતિમ ધ્યેય નહોતું. આત્માનો વિકાસ કરવો અને આત્માનો સત્ય પ્રકાશ પ્રાપ્ત કરવો — એ એમના શાણપણનું ધ્યેય હતું, 'હોમિયોપથી' નામથી ઓળખાતી વૈદકીય પદ્ધતિ ઉપર તેઓ ખાસ ભાર મૂકતા હતા. તેનું કારણ પણ એ જ હતું કે એ પ્રકારના વૈદકશાસ્ત્રમાં અધ્યાત્મવાદ રહેલો છે, અને પોતે એને એ રીતે જ સમજતા.

દયારામભાઈએ સિંધી અને અંગ્રેજી બન્ને ભાષાઓમાં લખાણ લખ્યું હતું. સિંધી ભાષાનું તેમનું ગદ્ય લખાણ સિંધી સાહિત્યમાં એક અગત્યનો વિદ્વત્તાભરેલો ફાળો ધરાવતું ગણાય છે. એમના લખાણમાં ખૂબ નિર્મળતા, સૌંદર્ય અને આકર્ષક છટા રહેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંધી શબ્દકોષમાં તેમણે ખૂબ પ્રમાણમાં વધારો કર્યો છે. એમણે ઉમેરેલા શબ્દો સરસ ભાવવાહી અને વિચારસમૃદ્ધ પણ છે. પરંતુ સિંધી ભાષા સાહિત્યમાં તેમણે જે મુખ્ય ફાળો આપ્યો છે તે તો સિંધી સાહિત્યના આધ્યાત્મિક વિચારો સિંધની જનતા સારી રીતે સમજી શકે એ હેતુથી જ અપાયલો છે. તેમનાં મુખ્ય પુસ્તકો નીચે પ્રમાણે છે :—

અંગ્રેજીમાં:— (૧) Something About Sindh — સિંધ વિષે કંઈક : આ પુસ્તકમાં સિંધનાં શહેરોનું તથા જોવા લાયક સ્થળોનું તેમણે વર્ણન આપ્યું છે. વળી એમાં સિંધના એક સૌથી મહાન કવિ શાહ અબ્દુલ લતીફની હકીકત પણ આપી છે. શાહ અબ્દુલ લતીફ એક સૂફી પંથી હતા અને એ પુસ્તકમાં દયારામે સૂફીવાદ ઉપર એક વિદ્વત્તાપૂર્ણ નોંધ લખી છે.

(૨) History of Alienations in the Province of Sindh — સિંધની મફત-જાગીરદારી પદ્ધતિનો ઇતિહાસ.

(૩) Life of B. M. Malabari — મલબારીનું જીવન.

(૪) Life of an Humble Soul — એક નમ્ર આત્માની જીવનકથા.

(૫) Diary of a Derelict — દયારામ જ્યારે ૪૭ વર્ષના થયા હતા ત્યારે આ પુસ્તક તેમણે લખ્યું હતું. પુસ્તકમાં તેમણે પોતાની જાતને જ પ્રશ્ન પૂછ્યો છે કે પોતાનું જીવન લાભદાયી રીતે ગાળ્યું છે કે કેમ. તેમણે એમાં જણાવ્યું છે કે જીવનનો હેતુ સુખનો પણ નથી તેમ દુઃખનો પણ નથી; પરંતુ બન્નેમાં થઈ કેવી રીતે જીવન ગાળી સારી રીતે પસાર થવું, એ છે.

(૬) Diary of a Hindu Devotee — એક હિન્દુ ભક્તની નોંધપોથી : એમાં વેદાન્ત વિષેના વિચારો છે.

(૭) The Leasts of God — ધ્યાનયોગનો એક ઊંડો અભ્યાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૮) Before His Throne — દુનિયાના ધાર્મિક નેતાઓના ઉપદેશનો સારાંશ.

(૯) Practice of Homeopathy — દયારામના મત પ્રમાણે હોમિયોપથીની વૈદકીય પદ્ધતિમાં, પરમાત્માનાં અનંત પરમાણુઓમાં પરમાત્માની અમર્યાદિત શક્તિનું દર્શન કરાવવાનું બળ રહેલું છે.

(૧૦) Alphabet of Love, Alphabet of Law અને Alphabet of Discipline — આ ત્રણે પુસ્તિકાઓમાં અંગ્રેજી કાવ્યની મલાઈ રહેલી છે.

(૧૧) The Soul's Poesy — એમાં વિજ્ઞાન અને વેદાંત વિષેના વિચારો છે.

(૧૨) Something New to Worship Thee With — એ પુસ્તકમાં જણાવ્યું છે કે પ્રભુ પ્રત્યે માતાપિતા સમાન પ્રેમ રાખવાના કરતાં પતિ અથવા પત્ની તરીકેનો પ્રેમભાવ રાખવો એ વધારે સારું છે.

(૧૩) His Diary — એમની સ્મૃતિ-નોંધપોથી — એમાં પોતાના આત્માની મુક્તિ અર્થે એમણે જે કંઈ મથામણ કરેલી એની નોંધ છે. એ નોંધપોથીને એક રીતે 'સત્યના પ્રયોગો'ની ઉપમા આપી શકાય એમ છે.

દયારામ ખૂબ વાંચનારા હતા અને એમની સ્મૃતિનોંધપોથીમાં ઘણી વખતે આખાં ને આખાં પુસ્તકોનો સારાંશ આપી દેતા. જ્ઞાનની ભાગ્યે જ કોઈ એવી શાખા હશે કે જેના ઉપર તેમણે કંઈને કંઈ ન લખ્યું હોય. અને આમ ઘણાખરા વિષયો ઉપર લખવાનો તેમનો મુખ્ય હેતુ તો એ જ હતો કે પૂર્વના અધ્યાત્મજ્ઞાનમાં રહેલાં અનંત સત્યો સાબિત કરી આપવા પશ્ચિમનાં વિજ્ઞાનશાસ્ત્રોનો ઉપયોગ કરવો.

તેમની સ્મૃતિનોંધપોથીની શરૂઆત તેમણે ઈ. સ. ૧૯૦૩ થી કરેલી અને જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ તે કેવળ અંગત બાબતોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન રહેતાં સર્વસામાન્ય ઉપયોગની બનતી ગઈ. એમાં ભરચક મીમાંસાઓ જોવામાં આવે છે અને ઘણી વખતે તો તેમાંથી તેઓ સળંગ પાનાનાં પાનાં ફાડી પુસ્તક રૂપે છપાવવા આપી દેતા અને પ્રસિદ્ધ કરતા.

સિંધી ભાષામાં તેમણે નીચેનાં પાંચ પુસ્તકો લખ્યાં છે :—

(૧) જપજી સાહેબ (૨) ભગવદ્‌ગીતા (૩) યોગદર્શન : આ ત્રણ પુસ્તકોમાં પરમાત્મા પ્રાપ્ત કરવાના મુખ્ય ત્રણ માર્ગોનું સરસ માર્ગદર્શન કરાવ્યું છે અને એ ત્રણે માર્ગોની વિદ્વત્તાથી છણાવટ કરી છે. એ ત્રણ માર્ગો તે ભક્તિ, સાચું કર્મ અને સાચું જ્ઞાન.

(૪) માતા અને પુત્રો — એ પુસ્તકમાં બાળકોમાં ધાર્મિક વૃત્તિ જગાડવાનો પ્રયત્ન કર્યો છે.

(૫) મના જા ચાબુક આયં રહાં — મનને વશ કરવાનો ચાબુક અને ધ્યાન-ઉપાસના. સિંધી ભાષામાં આ તેમનું એકનું એક કાવ્ય-પુસ્તક છે. આધુનિક કાળમાં દુનિયામાં કદાચ એ સૌથી મોટામાં મોટો કાવ્યગ્રંથ છે. દયારામ પોતે એને દૈવી પ્રેરણાથી લખાયેલો બક્ષિસ ગ્રંથ માને છે. પાંસઠ વર્ષની ઉંમરે તેમણે આ ગ્રંથ લખ્યો હતો.

અ. તેમનો વિદ્યાપ્રેમ

હિંદુસ્તાનની પડતીનું કારણ અજ્ઞાન છે એવું દયારામ માનતા હોવાને લીધે એમણે દ્રવ્ય તથા સમયનો સારી રીતે ભોગ આપીને એની સામે લડત આપી હતી. સિંધની સ્ત્રી કેળવણીના તેઓ આદ્યગુરુ હતા. હૈદરાબાદના સિંધ સુધારણા મંડળની તેમણે સ્થાપના કરી હતી. એ સંસ્થા દ્વારા કન્યા-કેળવણીની જે સાત શાળાઓ ચલાવવામાં આવે છે તે એ પ્રકારની શાળાઓમાં સૌથી પ્રથમ શરૂઆતનું સ્થાન ભોગવે છે. કન્યાઓના માનસિક અને નૈતિક શિક્ષણ માટે તેમણે પુસ્તકો લખ્યાં હતાં. હીરાનંદને મદદ કરીને 'નવલરામ હીરાનંદ એંકેડેમી' નામની એક હાઈસ્કૂલની પણ તેમણે શરૂઆત કરી આપી. જૂના મુંબઈ ઇલાકામાં કેટલાંય વર્ષો સુધી એ એક નમૂનેદાર હાઈસ્કૂલ ગણાતી હતી. ઉચ્ચ કેળવણીનો જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકાર વિરોધ કરતી હતી ત્યારે પણ દયારામે એનો પક્ષ લીધો હતો અને ઉચ્ચ કેળવણીને ઉત્તેજન આપવા પ્રયત્ન કર્યો હતો. 'કૉલેજની કેળવણી' એ વિષયક તેમણે લેખ લખ્યો હતો તેમાં એમણે જણાવ્યું હતું કે, "કૉલેજની કેળવણીને લીધે સામાજિક અને રાજકીય પ્રગતિ સંધાય છે એટલું જ નહિ પરંતુ સરકારને પ્રામાણિક અને કાર્યકુશળ વહીવટકર્તાઓ પણ સારી રીતે મળી શકે છે." આ પ્રમાણેનું લખીને એ કેળવણી માટે જે કોઈ વિરોધ કરનારાઓ હતા તેમને બધાને તેમણે ચૂપ કરી દીધા હતા. સિંધના તે વખતના આંતરજીવનનો જેમને જેમને ખ્યાલ છે તે બધા સારી રીતે જાણે છે કે દયારામભાઈની સક્રિય મદદ ન હોત તો તેમણે સ્થાપેલું 'ડી. એમ. ડી. ટ્રસ્ટ' પણ ન હોત; — દીવાન મેઠારામ નામના તેમના એક ભાઈના નામથી દીવાન મેઠારામ ધર્માદા ટ્રસ્ટ ફંડ નામ અપાયલું છે — અને કરાંચીની ડી. જે. સિંધ કૉલેજ પણ ન હોત; એટલું જ નહિ પણ હૈદરાબાદની ડી. જી. નેશનલ કૉલેજ પણ અસ્તિત્વ ધરાવતી ન હોત. અવિદ્યાનો સામનો કરવાના મુખ્ય હેતુથી જ તેમણે આ ત્રણ સંસ્થાઓ સ્થાપી હતી — સેવા-સદન, મુંબઈ, શાન્તિ-આશ્રમ, અમૃતસર અને સાધુ-આશ્રમ, હૈદરાબાદ. સેવાસદન એ દયારામ તથા મલજારીના સંયુક્ત પરિશ્રમનું જ પરિણામ છે. જ્યારે બાકીના બધામાં દયારામભાઈ એકલાએ જ માથાકૂટ કરી હતી. એ ઉપરાંત હિન્દુસ્તાનમાં ધર્મશાળાઓ તથા આશ્રમોમાં મફત વાચનાલયો અને પુસ્તકાલયો હોવાં જોઈએ એવી ભલામણ કરતાં તેઓ કદી થાકતા નહિ. હિન્દુસ્તાનની સંસ્કૃતિના પાયા તરીકે સંસ્કૃત ભાષાનું મૂલ્યાંકન તેમણે ખાસ ગણેલું અને એના ઉત્તેજનાર્થે સિંધમાં પોતાના પિતાની યાદગીરીમાં તેમણે એક તેમના પિતાના નામની 'ગિદુમલ સંસ્કૃત પાઠશાળા' પણ સ્થાપેલી. વળી 'નવલરાય હીરાનંદ એકેડેમી'ની હાઈસ્કૂલના સંસ્કૃત વર્ગનું સંચાલન કરવા માટેનું તમામ ખર્ચ તેમણે કેટલાંય વર્ષો સુધી આપ્યા કર્યું હતું. આમ સંસ્કૃત તરફનો પક્ષપાત હતો છતાં તેઓ એટલું તો સમજતા હતા કે દરેક ભાષાની કંઈ ને કંઈ ખાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત હોય છે અને સિંધવાસીઓ જે કોઈ પર-પ્રદેશમાં વેપાર કરનારા હતા તેમને તેઓ ભલામણ કરતા કે તે તે દેશોની ભાષા તેમણે શીખી લેવી જોઈએ, અને વેપારી ફાયદો મેળવવો જોઈએ.

જ્ઞાન-દાનના એક અગત્યના અંગ તરીકે શિષ્યવૃત્તિઓ આપવાની પદ્ધતિ તેમણે ગ્રહણ કરી હતી. કેટલીક શિષ્યવૃત્તિઓનાં નાણાં પાછાં મળે એવી શરતોએ એ અપાતી જ્યારે કેટલીક શિષ્યવૃતિઓ કેવળ દાનવૃતિથી — પાછી રકમ ન મળે એ રીતે — આપવાની યોજના તેમણે કરી હતી. તેમની આ ઉદારતાની મદદનો લાભ તેમના ઘણા દેશવાસીઓએ ઉઠાવ્યો હતો અને એવા મદદ લેનારાઓમાંથી કેટલાક પોતાના દેશની સારી રીતે સેવા બજાવી શકાય એવી જગ્યાઓ પ્રાપ્ત કરી શક્યા હતા અને ઊંચા પ્રકારની દેશ-સેવા બજાવી પણ શક્યા હતા.

તેમના જીવનના પાછલા ભાગમાં દયારામભાઈ આપણી કેળવણીની પદ્ધતિ સુધારવાની ખાસ હિમાયત કરતા હતા. તેઓ કહેતા કે આપણી કેળવણીમાં ગુણના કરતાં જથાના પ્રમાણમાં જોઈએ તે કરતાં વધારે વૃદ્ધિ થઈ છે. તેઓશ્રી સેન્ડર્સન્સ સ્કૂલ, ઑન્ડલની પદ્ધતિનાં વખાણ કરે છે. આકાશ, પૃથ્વી, ટેકરી, નદી, સમુદ્ર, વૃક્ષ અને મનુષ્યોમાં પરમાત્માનાં દર્શન કરવાં એટલું જ નહિ પણ હુન્નર-ઉદ્યોગ અને યંત્રોમાં પણ પરમાત્મદર્શન કરવું, એવું સેન્ડર્સન્સ કેળવણીની પદ્ધતિમાં શીખવવામાં આવતું. તેઓ કહેતા કે યંત્ર અને વિદ્યુતે આપણને નવી દુનિયા આપી છે તેથી એને સમજવાને માટે નવી શાળાઓની જરૂરિયાત ઊભી થઈ છે. એમાંથી જો આપણે અરસપરસ સહાનુભૂતિ ધરાવવાનું, સહકાર રાખવાનું, અને સર્જનાત્મક પ્રવૃત્તિ કરવાનું શિક્ષણ પ્રાપ્ત કરીએ તો સ્વાર્થ, લોભ, અધમપણું, ક્રોધ અને કુસંપ દૂર થાય અને આ પૃથ્વી ફરીથી સ્વર્ગ સમાન બની જાય.

દયારામભાઈ કેળવણીને માટે નીચેની બાબતો ખાસ લક્ષમાં રાખવાની ભલામણ કરતા :—

૧. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાનો ઉપયોગ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. વિદ્યાર્થીની વૃત્તિ અને શક્તિને અનુસરીને વિષયની મુક્ત પસંદગી એને કરવા દેવી.

૩. રેડિયો, સિનેમા વગેરે આધુનિક સાધનોનો ઉપયોગ શિક્ષણ-સંસ્થાઓમાં કરવો — જે શિક્ષણકાર્યમાં મદદકર્તા થઈ પડશે.

હાલમાં આપણી શિક્ષણપદ્ધતિમાં તેમણે ભલામણ કરેલી વાતોનો ઉપયોગ થઈ રહ્યો છે, એ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે.

દયારામભાઈ કહેતા કે "શાળાઓને માનવ-પુષ્પના વિકાસના ઉદ્યાનરૂપ બનાવો."

સંશોધન શાખાની પણ તેઓ હિમાયત કરતા. "સંશોધનને પરિણામે આપણે એવા લાખો રૂપિયા બચાવી શકીશું કે જેનો અત્યારે નિરર્થક વ્યય થાય છે; જો આપણે એમ કરીશું તો ભૂખમરો, બેકારી અને શોકરૂપી આપણા મુખ્ય દુશ્મનો દૂર થઈ જશે." આવું તેમનું કહેવું હતું અને આ વિચારસરણીને અનુલક્ષીને જ તેઓ જગદીશ-ચંદ્ર બોઝની કલકત્તાની સંસ્થામાં તથા ડૉ. ટાગોરની શાન્તિનિકેતનની વિશ્વભારતી સંસ્થામાં કેટલાંય વર્ષો સુધી નિયમિત નાણાંનો ફાળો આપતા રહ્યા હતા.

હાલની કેળવણીની પદ્ધતિમાં એક એવું સૂત્ર છે કે 'વિદ્યાર્થી-આશ્રમ–હૉસ્ટેલ–સિવાય કૉલેજ હોય નહિ.' દયારામે સ્થાપેલા ટ્રસ્ટમાંથી એવાં બે વિદ્યાર્થી–આશ્રમોનાં મકાનોનો ઉલ્લેખ કરવો જોઈએ. એક તો કરાંચી કૉલેજનું ભવ્ય હૉસ્ટેલનું મકાન અને બીજું હૈદરાબાદની એકેડેમીનું બોર્ડિંગ હાઉસ જેને માટે હૈદરાબાદ શહેર મગરૂર છે.

૩. શિક્ષક વિષેનો તેમનો ખ્યાલ

શિક્ષક કેવો હોવો જોઈએ એના વિષેનો તેમનો ખ્યાલ મને એક પત્ર લખ્યો હતો તેના ઉપરથી સારી રીતે આવી શકશે. હું પોતે એક પ્રોફેસર હતો અને વધારામાં મારી કૉલેજની હૉસ્ટેલના ગૃહપતિ તરીકે કામ કરતો હતો — ઘણાં વર્ષ એ કામ મેં કર્યું હતું. હું મારી ફરજ બરાબર કેવી રીતે બજાવી શકું અને દેશમાં હિન્દુ-મુસ્લિમ ઐક્યમાં શિક્ષક તરીકે કેવી રીતે મદદકર્તા થઈ શકું એ સંબંધી મેં દયારામ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈ પાસે પત્ર દ્વારા સૂચના માગેલી. તેના જવાબમાં તેમણે નીચે પ્રમાણે જણાવેલું: "અશાન્ત સાગરનાં ઊછળતાં ઊભરાતાં જળ ઉપર શાન્તિરૂપી તેલનું સિંચન કરવા પ્રથમ તો તમારે દરરોજ સવારે ધ્યાનમાં બેસી જવું અને તમારી જાતને ઈશ્વરની સેવામાં અર્પણ કરી તેમના માર્ગદર્શન માટે તેમની ઉત્કંઠાથી યાચના કરવી. આવા પ્રકારના ધ્યાનની ટેવવાળા મનુષ્યના મુખ ઉપર એક વિશિષ્ટ પ્રકારનું સૌન્દર્ય ઝળકતું જોવામાં આવે છે. એ ઓજસ્ અદ્‌ભુત કામ કરે છે. જે કોઈ એવી વ્યક્તિની સન્મુખ આવે છે તેના ઉપર તેનો અદ્‌ભુત પ્રભાવ પડે છે. એક ધર્માંધ મનુષ્ય પણ આ ઓજસ જોઈ શકે છે અને પોતાના અંતરાત્માને કહી શકે છે કે 'આ એક પરમાત્મપરાયણ મનુષ્ય છે.'"

૨. ધર્માન્ધ અને ધર્મજનૂની મનુષ્યમાં પણ ઈશ્વરને જોવાનો પ્રયત્ન કરો અને તેના પ્રત્યે કોઈ પણ પ્રકારની દ્વેષ-વૃત્તિ કે કુવૃત્તિથી જોશો નહિ. કુરાનમાં જે સૌથી કદાચ વધારેમાં વધારે ઈશ્વર વિષે સંબોધન કરવામાં આવતું હોય તો 'દયાથી — રહેમથી ભરપૂર અલ્લાહ' એવું સંબોધન છે. પયગંબરના અનુયાયીઓ જ્યારે દયા દર્શાવતા બંધ થાય છે ત્યારે તેઓ દયાને પાત્ર અને નહિ કે ધિક્કારને પાત્ર બને છે. તેઓ દયાને પાત્ર કેમ છે એવો જે પ્રશ્ન પૂછવામાં આવે તો તેના જવાબમાં નીચેનાં કારણો ગણાવી શકાય. ગાઢ તામસિક વૃત્તિ અને પ્રબળ રાજસિક વૃત્તિઓનું જે પુનઃ સમતોલપણું પ્રાપ્ત ન થતું હોય તો વાવાઝોડું અને ધરતીકંપ, વિગ્રહો અને પાણીનાં પૂર, તથા દુષ્કાળ જેવા કુદરતી કાનૂનો એવું વાતાવરણ સર્જે છે કે એ વૃત્તિઓને સખત આંચકો લાગે છે અને છેવટે એ તામસ અને રાજસ વૃત્તિઓ સુધરી જાય છે. વળી એવા ધર્માન્ધ મનુષ્યો ઘણી વખતે દરેક ધર્મમાં ઉપદેશાયલો સિદ્ધાન્ત — "વાવો તેવું લણો" — ભૂલી ગયેલા હોય છે. તેઓ એ પણ ભૂલી ગયેલા હોય છે કે "વિવિધતા હોવી એ ઈશ્વરનો કાયદો છે અને તેથી કોઈ પણ બે ધર્મપંથો કદી સરખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઈ શકે નહિ. પરમાત્માના સત્-જીવનનો દરેક આવિર્ભાવ અંતરમાં તો એક જ છે છતાં માનસિક જીવનની ભૂમિકામાં તો એકબીજાથી તદ્દન જુદી પોતપોતાની અલગતા અને ભિન્નતા રહેલાં હોય છે. પોતામાં રહેલી મનોભૂમિકા બીજામાં ન હોઈ શકે — એ હકીકત એવા મનુષ્યોના ધ્યાન બહાર હોય છે એ પણ એક કારણ ગણી શકાય. એવા મનુષ્યોના ધ્યાનમાં ઈશ્વરી કુદરતનાં અને એની વિચિત્રતાનાં દૃષ્ટાન્તો પણ નથી હોતાં, જેમ કે દરિયામાં 'બીરા' નામના પ્રાણી જેવી એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર અને નમ્ર વસ્તુ. એ પ્રાણી જ્યારે છૂટું છૂટું થઈ જાય છે. એના પેટને અને આંતરડાંને છિન્નભિન્ન કરી નાખે છે અને જોકે પોતાની જાતે અઠવાડિયાંનાં અઠવાડિયાં કે મહિનાના મહિના સુધી પોષણ મેળવી શકતું નથી, છતાં ફરીથી એવાં બીજાં પ્રાણી ઉત્પન્ન કરી શકે છે અને એ રીતે એવી સર્જન શક્તિ બતાવે છે કે જે કોઈ પણ મનુષ્ય બતાવી શકતો નથી. બીજું દૃષ્ટાંત રણના કાનખજૂરાનું છે. પાંચ વર્ષ સુધી તે મરણતોલ દશામાં પડી રહી ફરીથી જીવતો થાય છે. એક તારા જેવી માછલીને લોકો ધિક્કારે છે, પણ એ માછલીના ટુકડે ટુકડા થઈ ગયા પછી દરેક ટુકડામાંથી એવી ને એવી બીજી માછલીઓ ઉત્પન્ન થાય છે. દરિયામાં થતી વાદળીની ચમત્કૃતિ પણ ધ્યાનમાં રાખવા જેવી છે. લોકો એનો અનાદર કરે છે પણ નિર્જીવ વાદળીમાંથી વસંત ઋતુમાં અનેક સજીવ વાદળીઓ સર્જાય છે. આવી અદ્‌ભુત ચમત્કૃતિઓ શું કોઈ માનવી કદી બતાવી શકે છે કે સર્જી શકે છે? દરેક સ્થળે આવો સંચાર ઠીક ઠીક પ્રમાણમાં હોય છે અને 'હોમિયોપથી'ના અભ્યાસ માટે હું આટલો બધો ભાર મૂકું છું તેનું કારણ એ છે કે એ પદ્ધતિમાં ઝેરમાં પણ કંઈક અમૃત તત્ત્વ રહ્યું હોય છે એવું સાબિત કરવામાં આવ્યું છે. એની મદદ વડે આપણે અનિષ્ટને દૂર કરવાનો કોયડો ઉકેલી શકીએ છીએ. કેટલાક રોગો હળવાં અને હલકાં દ્રવ્યોથી સુધારી શકાતા નથી તેમને હોમિયોપથીનાં ઊંચી શક્તિનાં પ્રબળ દ્રવ્યોથી સુધારી શકાય છે — એમાં એવી અદ્‌ભુત અને ગુહ્ય શક્તિ રહેલી હોય છે. આ રીતે દુનિયાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનિષ્ટ તત્ત્વોની સુધારણા પણ થઈ શકે છે. દરેક મનુષ્યમાં સત્રૂપી પરમાત્માનું તત્ત્વ રહેલું હોય છે—એ સત્યનો દરેકમાં આવિર્ભાવ પણ રહેલો હોય છે અને દરેકમાં ઈશ્વરી કાનૂનો કામ પણ કરી રહ્યા હોય છે. માટે સત્, એના આવિર્ભાવ અને એના કાયદાને લીધે તમે પણ ધર્માન્ધ મનુષ્યમાં ઈશ્વરનાં દર્શન કરવાને શક્તિમાન થવા જોઈએ. 'ઈશ્વર', વાતાવરણ, પ્રકાશ, પાણી અને પૃથ્વી જેવાં કુદરતી તત્ત્વો પોતાનો લાભ આપવામાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખતાં નથી. તેમના જેવી દૈવી શક્તિઓનું દૃષ્ટાંત તમારે ધ્યાનમાં રાખી અનુસરવું જોઈએ. એ શક્તિઓ આ હિંદુ છે કે મુસલમાન એવો ભેદભાવ રાખતી નથી.

૩. હોસ્ટેલમાં તમારા રક્ષણ નીચે જે છાત્રો મુકાયા હોય તેમનો કાળજીપૂર્વક અભ્યાસ કરો. દરેકનામાં પોતાની કોઈ ને કોઈ વિશિષ્ટતા હોય છે—દરેકમાં પોતાની ખાસિયત હોય છે. દરેકની ખાસિયત સમજવાનો પ્રયત્ન કરો અને તેમને સમજી લઈ તેમણે કયાં પુસ્તકો વાંચવાં એની તમે ભલામણ કરો. વળી છાત્રાલયના મકાનમાં સર્વને શાન્તિ અને આનંદ આપે એવાં સુંદર ચિત્રો મુકાવો. સરસ સંગીત મળે એવી વ્યવસ્થા કરાવો. એક સરસ પુસ્તકાલય પણ રખાવો જેમાં સર્વ ધર્મના ગ્રંથો હોય અને જેમણે આદર્શ જીવન ગાળ્યાં હોય તેવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો પણ હોય. વળી તેમાં એવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો હોય કે જેમણે દુનિયામાં શાન્તિ સ્થાપવાનો પ્રયત્ન કર્યો હોય, અને "તમારા પ્રત્યે તમે બીજાઓ તરફથી જેવા વર્તનની આશા રાખતા હો તેવું વર્તન તમારે બીજા પ્રત્યે રાખવું" એ ઈસુ ખ્રિસ્તના ઉપદેશ પ્રમાણેનું જેમણે જીવન ગાળ્યું હોય. વળી જે આદર્શ પુરુષો "શાન્ત અને ન્યાયી કલ્પનાઓવાળા હોય, નિર્મળ –વાદળાં વિનાની વિશુદ્ધ હવા જેવી–યાદદાસ્તવાળા હોય અને શાન્ત સમુદ્ર સમાન અંતરાત્માવાળા હોય" એવા પુરુષોનાં જીવનચરિત્રો પણ તમારા ગ્રંથાલયમાં રાખો. દરેક વિદ્યાર્થીને કોઈ ને કોઈ આદર્શ રાખવાનું કહો અને એ કામમાં તમે મદદ પણ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. તમારી દેખરેખ નીચે જે વિદ્યાર્થીઓ હોય તેમને એક પછી એક વારાફરતી એકલા તમારી સાથે ફરવા લઈ જાઓ જેથી તમે તેમની સાથે અંગત અને નિકટનો પરિચય કેળવી શકો. કોઈ એક દિવસ કોઈ મુસલમાન વિદ્યાર્થીને સાથે લેવો અને કોઈ બીજે દિવસે કોઈ હિન્દુ વિદ્યાર્થીને સાથે રાખવો. જો શક્ય અને અનુકૂળ હોય તો તેમને અલ્પાહાર કે ફળાહાર આપવો અને તમારી સાથે છૂટથી ભળી જાય એમ કરવું. તમારી આગળ તેમની બધી મુશ્કેલીઓ રજૂ કરે એવું કરવું. શક્ય હોય તો તેમનામાંથી મુખીઓ અને શાન્તિ-સ્થાપકો ચૂંટાય એવી વ્યવસ્થા કરો અને તેમને તેમની ગોળમેજી પરિષદો ભરવા દેવાની ગોઠવણ કરવી. ધ્યાન ધરવાની ટેવ પાડવા તમારા વિદ્યાર્થીઓને ઉત્તેજન આપો. ભ્રાતૃ-ભાવના પ્રેરે અને પોષવે એવાં પુસ્તકો તેમને વાંચવા આપો. એ વિષયમાં મદદરૂપ થાય એવાં ઘણાં આધ્યાત્મિક અને બીજાં તત્ત્વચિંતનનાં પુસ્તકો સાહિત્યમાં છે. તેમને વિચાર અને મનન કરવા કેટલાક વિષયો આપવા. તેમાંનો એકાદ વિષય હિન્દુ-મુસ્લિમ ઐક્યનો પણ હોઈ શકે છે. એ વિષયના નિબંધ ઉપરથી તમારા વિદ્યાર્થીઓ કેવી મનોવૃત્તિ ધરાવે છે એ સંબંધે તમને ખ્યાલ આવી જશે અને તેમાં જરૂરી સુધારો કરવાનું તમારે માટે શક્ય બનશે. તમે કક્ષાવારી પ્રમાણે ગોઠવેલી એક નોંધપોથી રાખો અને તેમાં તમારા વિદ્યાર્થીઓનાં નામ લખી દરેક વિદ્યાર્થી સંબંધે તમે બાંધેલા અભિપ્રાયો નોંધી એના ઉપર ચિંતવન કરો, અને દરેક વિદ્યાર્થીના માનસિક અને આધ્યાત્મિક તેમ જ શારીરિક વિકાસ માટે શાની જરૂર પડે એવું છે એની પણ નોંધી લો. તમારે ત્યાં કેવા ડૉક્ટર છે એની મને ખબર નથી, પણ તમારે વિદ્યાર્થી આશ્રમના વ્યવસ્થાપકોને પ્રેરણા આપવી જોઈએ કે એક સારા લાયક 'હોમિયોપથી' જાણતા હોય એવા ડૉક્ટરને રોકી લે અને એ વિષયનું એક સારું પુસ્તકાલય પણ વસાવે. નિર્મળ અને યોગ્ય જાતની હોમિયોપથીમાં અજબ શક્યતા રહેલી છે. આવેશો અને માનસિક વિકારોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શમન એનાથી થઈ શકે છે, અને મનુષ્યના એ વિકારોમાં અદ્‌ભુત પરિવર્તન કરી નાખવાની શક્તિ એમાં રહેલી છે.

૫. મુસ્લિમો ઉપર અસર કરવાને તમારે પાક કુરાને-શરીફનો કંઈક અભ્યાસ કરવો જોઈએ. તેમાંથી તમને મદદરૂપ થાય એવા કેટલાક ફકરા ચૂંટી કાઢવા. મીરઝા-ખલીફ-એ તમને ઉપયોગમાં આવે એવું એ સંબંધે કંઈક લખાણ કર્યું છે એમ મારું માનવું છે. એમને તમે લખીને પુછાવો કે એ સંબંધે કયાં પુસ્તકો કે પત્રિકાઓ એમણે લખેલાં છે, અને તમારે તમારા મુસ્લિમ વિદ્યાર્થી-ઓ ઉપર અસરકારક છાપ પાડવા બીજું કયું વાચવું જરૂરી છે. એમનાં પુસ્તકો મંગાવો અને તેમણે સૂચવેલું બીજું પણ વાંચી જાઓ. 'ગુલિસ્તાન' માં ઉર્દૂમાં શેખ સાદીએ નીચેની મતલબનું લખ્યું છે : —

بنی آدم اعضای یک دیگر آند

આવા આદમનાં બાળકો એકબીજાનાં અંગ છે.

અને બોસ્તાનમાં તેમણે એક નીચેની સુંદર વાર્તા લખી છે : — એક યહૂદી મહેમાનને ઇબ્રાહીમે આવકાર આપવાની ના પાડી કેમ કે તેણે ભોજન લેતા પહેલાં મુસ્લિમ રિવાજ મુજબ પ્રભુનું નામ નહોતું લીધું. પ્રભુએ ઇબ્રાહીમને આ બાબતનો ઠપકો આપ્યો હતો. 'મસનવી'-માં બીજી એક વાતનું લખાણ છે. એમાં પ્રભુએ મોઝીઝને ઠપકો આપ્યો છે. એક ગરીબ ભરવાડ પોતાની અણઘડ રીતે પ્રભુને ભજતો હતો તેને મોઝીઝે નાસ્તિક કહીને તરછોડ્યો હતો. સૂફી સાહિત્યમાં—ફારસી તેમ જ ઉર્દૂમાં—તમને મદદકર્તા એવું ઘણું જાણવાનું મળશે. ખરેખરા સૂફી-મતવાદી અને વિનમ્ર તથા શાન્ત જીવન ગાળનાર કેટલાક ભલા અને સાચા મુસ્લિમો વિષે તમને વાંચવાનું તથા જાણવાનું મળશે. સિંધના એક નાના ગામડામાં મને એક રંગરેજનો ભેટો થઈ ગયો હતો. એ એક નમૂનેદાર જીવન ગાળતો હતો. એણે કેટલાંક ભજનો રચ્યાં હતાં અને ભટકતા ગવૈયાઓ એ ભજનો લલકારતા હતા. આવા મનુષ્યોને શોધી કાઢવાનો તમે પ્રયત્ન કરો અને આશ્રમમાં તેમને આમંત્રણ આપો. એમની ટૂંકી હાજરીની પણ તમારા વિદ્યાર્થીઓ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિતવર્ધક અસર થશે. તેઓ વ્યાખ્યાન આપી શકે એવા નહિ હોય પરંતુ કેવળ તેમનાં દર્શન જ મદદરૂપ થઈ પડશે.

૬. આયર્લેન્ડમાં પ્રોટેસ્ટન્ટ અને કૅથૉલિક પંથના અનુયાયીઓ હતા. પાર્નેલ પ્રોટેસ્ટન્ટ (સુધારક) પંથનો હતો, પણ તે બન્ને વર્ગની નેતાગીરી ધરાવતો હતો. એનું જીવનચરિત્ર વાંચી જાઓ. બીજા આયર્લેન્ડના નેતાઓનું જીવન વાંચી જાઓ. વિરોધી માન્યતા ધરાવનાર બન્ને પંથના લોકો વચ્ચે તેમણે કેવી રીતે વિરોધ શમાવી, શાંત પાડી સમજૂતી કરાવી હતી એની તમને સમજણ પડશે. ગુરુ નાનકે પોતાના ઉપદેશમાં સામાન્ય મુસ્લિમની માન્યતાને કેવું આધ્યાત્મિક સ્વરૂપ આપી ઐક્ય સાધવાનો પ્રયત્ન કર્યો હતો એનો ખ્યાલ મેળવી લો. હિન્દુ-મુસ્લિમ ઐક્યનો પ્રશ્ન ઘણો જૂનો છે અને એમાં કર્મના કાયદાનું ચલણ જોવામાં આવે છે. હિન્દુને કહો કે મુસ્લિમમાં પણ ઈશ્વર વસેલો છે એને જોવા પ્રયત્ન કરો. ગીતા અને ઉપનિષદોમાં પણ જણાવ્યું છે કે, "ઈશ્વર સર્વમાં વસેલો છે અને ઈશ્વરમાં સૌનો સમાવેશ છે" એવું જોવાનો પ્રયત્ન કરો. એ ઉપદેશના સત્યને તે સાચી રીતે સમજતો હશે તો પોતાનામાં જે કંઈ સત્ત્વ રહ્યું છે તેને એ બરાબર વફાદાર રહીને પોતાનો વિકાસ સાધી શકશે. વૈરવૃત્તિનો ત્યાગ કરી એણે ક્ષમા ધારણ કરવી જોઈએ. સહનશીલતા રાખી, ક્ષમા આપી એણે કહેવું જોઈએ કે, "હે પિતા–પ્રભુ! તેમને ક્ષમા આપજે કેમ કે તેઓ શું કરે છે એની તેમને ખબર નથી." એણે પોતાના દિલમાં જરાય રોષવૃત્તિ રાખવી જોઈએ નહિ. એને કંઈ અસભ્ય રીતે કહેવામાં આવે અને એના તરફ ક્રૂરતા વાપરી એને કોઈ કૂવા આગળથી હાંકી કાઢવામાં આવે તોપણ એણે આટલું જ યાદ રાખવું "ગુંડાઓનું ટોળું ભેગું થાય, ધાંધલ થાય, પોલીસ આવે અને ન્યાયાધીશો વચમાં પડે એના કરતાં અસભ્ય વર્તન ચલાવનારને નમતું આપવું એ વધારે સારું છે," વૈર લેવા કરતાં ક્ષમા આપવી એ વધારે સારું છે. એમાં વધારે મર્દાનગી અને હિંમત રહેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

તેમના સિદ્ધાંતો — ૧. સામાજિક સેવા

જેનો પોતે ઉપદેશ આપે તેનું તેઓ પાલન કરે અને વ્યવહારમાં પણ મૂકે એવા પ્રકારના માનવી દયારામ હતા. તેઓ સમાજસેવા કરવાનો અને ધ્યાન ધરવાનો ઉપદેશ આપતા હતા. પરમાત્માની સેવા કરવાને તેમને જીવન પ્રાપ્ત થયું છે એમ તેઓ માનતા અને એ રીતે એક પવિત્ર ન્યાસ — ટ્રસ્ટ — તરીકે પોતાનું જીવન તેઓ ગણતા. તેમની આમદાની ખૂબ હતી અને તેઓને જે મિલકત વારસામાં મળી હતી તેનું ઉત્પન્ન પણ ખૂબ ખૂબ હતું. પરમેશ્વરની પ્રતિભા વધે અને માનવની દુઃખમય સ્થિતિ ઓછી થાય એ હેતુથી પોતાની જાત માટે તેઓ ઓછામાં ઓછું ખર્ચ કરતા જ્યારે બીજાઓની રાહત માટે વધારેમાં વધારે દ્રવ્યનો તેઓ ઉપયોગ કરતા. સમાજસેવા માટે તેમણે જે ધારાધોરણ ઘડ્યાં હતાં એ ટૂંકાં, પણ સર્વ-સમાવેશ કરે એવાં અને હૃદય ઉપર પ્રબળ છાપ પાડે એવાં હતાં. તેમણે નીચે પ્રમાણેની સ્મૃતિનોંધ તૈયાર કરી હતી— અભણને શીખવો – માંદાની સેવા કરી રાહત આપો – ભૂખ્યાંને ભોજન આપો – તરસ્યાની તરસ છીપાવો – નાગાંને વસ્ત્ર પહેરાવો – દુઃખિયાંને દિલાસો આપો – ભોળાંને સલાહ આપો – ભૂલ કરનારની ભૂલ સુધારો – પાપીઓને સુધરવામાં સહાય કરો – મરણ પામનારનાં શબોનો યોગ્ય નિકાલ થાય છે કે નહિ તેની તજવીજ કરો – આતિથ્યસત્કારમાં તત્પર રહો – તમે કોઈને ભોજન આપવાની સ્થિતિમાં ન હો તો નિદાન એને પીવાનું પાણી તો જરૂર આપો – જો પાણી પણ ન આપી શકો તેમ હોય તો છેવટે એના તરફ સહાનુભૂતિ દાખવી એની સાથે મીઠા શબ્દોમાં વાત તો કરવી જ – થયેલું નુકસાન નમ્રતા-પૂર્વક સહન કરો– ઇજા કરનારને ક્ષમા આપો– મૃતાત્મા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થના કરો અને તેમના વિષે સારું બોલો: એમ કરતાં જો સત્યને વાંધો આવતો હોય તો બિલકુલ બોલશો જ નહિ – વળી સામાજિક પરિસ્થિતિને લીધે તમારા જે ભાઈઓની પીઠ કચરાઈ ગઈ હોય તેમને રાહત આપવા સમાજસુધારણા કરો — ધ્યાન રાખો કે ભૂખમરાને લીધે અથવા અપૂર્ણ ખોરાકને લીધે તમારા ભાઈઓનો વિકાસ કોઈ પણ સ્થાને ઠીંગરાઈ જાય નહિ.

સમગ્ર જીવન દરમિયાન જેમણે દુ:ખ ને દુ:ખ ભોગવ્યાં હોય છે તેમના ચહેરા ઉપર દયા ઉત્પન્ન થાય એવી ઊંડી રેખાઓ ઊપસી આવે છે: એવી પરિસ્થિતિ મનુષ્યો માટે ઉત્પન્ન ન થાય અને એવી પરિસ્થિતિ હોય તો એ પરિસ્થિતિ સુધારવા જરૂર પ્રયત્ન કરવો — વળી

ગરીબોના જીવનમાં નિરાશા અને હૃદયહીનતા વ્યાપેલી હોય તો એ દૂર કરી શકે એવા દરેક સામાજિક સુધારાને ઉપાડી લેવો અને તેમને જ્ઞાનનો પ્રકાશ મળે તથા તેમના વિચારો ઈશ્વર તરફ વળે એવું કંઈક કરવું.

એશઆરામમાં ખર્ચાતા અઢળક દ્રવ્ય વિષે દયારામભાઈ ભારે શોક પ્રદર્શિત કરતા હતા. તેઓ નીચેની મતલબનો વિચાર કરતા: "અહા! આનંદી સ્વચ્છંદી અને અભિમાની પુરુષો કંઈ વિચાર કરે છે કે તેઓ તો આનંદ ભોગવે છે, સત્તા ચલાવે છે, સમૃદ્ધિથી વીંટળાયલા છે, મગજ ફેરવી નાખે એવા આનંદ ઉપભોગમાં તેમનો સમય નિરર્થક વહી જાય છે, સ્વેચ્છાચારથી વર્તે છે, ઘણી વખત નિર્દય ધાંધલમાં રોકાય છે! અરે! તેઓ તો જ્યારે નૃત્ય કરતા હોય છે ત્યારે કેટલાય મનુષ્યો એ જ ક્ષણે મૃત્યુના મુખમાં હડસાયેલા હોય છે અને વિવિધ પ્રકારનાં દુ:ખ અને શોકમાં સબડતા હોય છે!"

ઈ. સ. ૧૮૯૭માં અને ફરીથી ઈ. સ. ૧૮૯૯ માં સિંધ હૈદરાબાદમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો ત્યારે અને ઈ. સ. ૧૮૯૫માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ્છ અને થર પારકરમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે દયારામભાઈએ જે સેવા બજાવી હતી તે તો કોઈ ભૂલી શકે એમ નથી.

દયારામભાઈની સામાજિક સેવાઓનું એક મૂર્ત સ્વરૂપ તે 'ડી. એમ. ડી. ટ્રસ્ટ'. એ સંસ્થાનું નામ એમના ભાઈના નામ ઉપરથી પાડેલું છે. એ સદાય રહે એવું છે. ટ્રસ્ટની વાર્ષિક આમદાનીનો જ ઉપયોગ કરવાની શરત છે. જ્ઞાનનો વિસ્તાર કરવો એ એક એનો હેતુ છે. વળી શારીરિક કે માનસિક અશક્તિને લીધે કોઈ માનવીનો ભોગ ન લેવાય એ દૃષ્ટિથી મનુષ્યનાં દુઃખ જેમ બને એમ ઓછાં કરવાં એ તે ટ્રસ્ટનો બીજો એક હેતુ છે. દયારામભાઈ એક વ્યાવહારિક સમાજસુધારક હતા. તેઓ સમજતા હતા કે રોગને અટકાવવો એ રોગને સુધારવા કરતાં વધારે સારું છે. એ હેતુ પાર પાડવા એમણે ફરતા દવાખાનાની યોજના કરી હતી. તેમના દ્વારા રોગનિવારણ કરવાની સાથે લોકોની તંદુરસ્તી જળવાય – રોગ સામે સંરક્ષણનું શિક્ષણ મળે એવા જ્ઞાનનો પ્રચાર કરવામાં આવતો હતો.

તેમણે સ્થાપેલી બીજી બે સંસ્થાઓ પણ ખૂબ ઉપયોગી નીવડેલી છે.

૧. યુવાનોને કરકસર શીખવવા ગરીબો માટેની એક બૅંક– શરાફી પેઢી. ૨. ગરીબ હિંદુઓ દેવાદાર સ્થિતિમાં મરણ ન પામે એ હેતુથી સ્થાપેલી "સિંધ હિન્દુ પ્રૉવિડન્ટ ફંડમચ્યત સોસાયટી."

૧. સિંધ બહાર નીચેની સંસ્થાઓ એમની યાદગીરી કાયમ રાખે છે:— મુમ્બઈમાં સ્ત્રીઓ માટીની સંસ્થા – 'સેવા સદન': શારીરિક, માનસિક અને હાર્દિક જરૂરિયાતોને અજ્ઞાન અને કમનસીબ બહેનો કેવી રીતે પહોંચી શકે એ શીખવવા કેટલીક ધનાઢ્ય અને કેળવાયેલી બહેનો એ સંસ્થામાં જોડાતી અને સેવાકાર્ય કરતી.

૨. 'સિમલા હિલ્સ' ઉપર આવેલું ધર્મપુર ક્ષયનિવારણ દવાખાનું — એમાં ૯૦ દરદીઓ માટેની સગવડ છે. માંદા મનુષ્યો અને એમની માવજત કરનારાઓ માટે ત્યાં એક અતિથિ-ગૃહની સગવડ છે. એ ઉપરાન્ત રમતગમત માટેનું મેદાન, એક રંગભૂમિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પુસ્તકાલય અને સ્વચ્છ દૂધ પૂરું પાડવા માટેની એક ગૌશાળા પણ ત્યાં આવેલાં છે.

સેવા-સદન અને ધર્મપુરનું 'ટી. બી. સેનિટોરિયમ' એ બંને સંસ્થાઓ દયારામભાઈ તથા શ્રી મલબારીના સંયુક્ત પ્રયત્નોનું પરિણામ હતું.

આ સેવાકાર્યો ઉપરાન્ત દયારામભાઈએ કેટલાંય છૂપાં સેવાનાં કાર્યો કર્યાં હતાં જેની જનતાને જાણ નથી.

૫

તેમના સિદ્ધાંતો — ૨. ધ્યાન

એક સાદી, કળામય અને વ્યાવહારિક સદ્‌ગુણોની સીડીની યોજના કરી તેમણે ધ્યાન માટે પૂર્વતૈયારી કરી હતી. એ સીડીનાં પગથિયાં નીચે મુજબ હતાં:

૧. કોઈને દુઃખ ન દેવું કે ઈજા ન કરવી: — એટલા બધા દેવો છે, એટલી બધી વિવિધ માન્યતાઓ છે, એટલા બધા વાંકાચૂકા રસ્તાઓ છે કે એમાં મનુષ્ય અટવાઈ જાય એવો પૂરો સંભવ છે. એ બધાંને પહોંચી વળવાનો એક જ ધોરીમાર્ગ છે અને તે એ કે 'માયાળુ બનવાની કળા કેળવો' — દુનિયાને એની જ જરૂર છે.

૨. અસત્ય ન બોલો: જે પાણીમાં સ્વાદ નથી તે પાણી જ સ્વચ્છમાં સ્વચ્છ છે. જે હવામાં ગંધ નથી એ હવા જ શુદ્ધમાં શુદ્ધ છે. પાણી અને હવાની માફક તમારી વાણીમાં અસત્યનો જરાય સ્પર્શ થવા દેતા નહિ — એમાં અસત્યનો જરાય વિકાર દાખલ કરતા નહિ.

૩. ચોરી કરશો નહિ: સુવર્ણ કરતાં સારું નામ વધારે મૂલ્યવાન છે — માટે ચોરી કરશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ચારિત્ર્યને અપવિત્ર ન બનાવતા : તમારી લાલસા સંતુષ્ટ કરવા તમારા શુભ નામને ગીરો ન મૂકશો. તમે જે વસ્તુને શોધો છો એ શું છે? એક સ્વપ્ન, એક ઉચ્છ્વાસ, આવેશનો, એક ક્ષણનો પરપોટો કે બીજું કાંઈ? એનો લાભ એ તે કંઈ લાભ છે? એનાથી શું વળે? એમાં એક ક્ષણના આનંદના બદલામાં એક અઠવાડિયાનું પશ્ચાત્ આક્રંદ જ રહેલું છે. એક રમકડું મેળવવાની લાલસામાં અનંતકાળના આનંદનો ભોગ આપવો એ યોગ્ય છે?

૫. અમિતાહારી ન બનશો — મદ્યપાન ન કરશો : જે મનુષ્ય સ્વતંત્રતાથી અને સ્વપરિશ્રમથી પોતાનું ગુજરાન કરી શકતો હોય અને કરકસરથી બચત કરતો હોય એણે મદ્યપાન કરતા પહેલાં વિચાર કરવો જોઈએ કે મદ્યપાન શરૂ કર્યા પછી એ બધા લાભ કાયમ રહેશે? સદ્ભાગ્યને દુર્ભાગ્યમાં ફેરવી નાખવું હોય તો જ એ કામ કરવું.

૬. સ્વચ્છ રહેવાની ટેવ પાડવી : એકલા પાણીથી જ સ્વચ્છતા રહેતી નથી. મનને પણ પવિત્ર અને સ્વચ્છ બનાવવું. સર્વ આનંદનો ઉદ્ભવ મનની પવિત્રતામાં રહેલે છે. માનસિક નમ્રતામાંથી શાંતિ ઉદ્ભવે છે. જીવન એ એક પાણીનો પ્રવાહ છે. એ પવિત્ર જળને ઓળંગવામાં સંયમની જરૂર છે. સત્ય એ જીવનના જળ સમાન છે અને સદ્ગુણો એ કિનારા સમાન છે. પ્રેમ એ પાણીનાં મોજાં સમાન છે. આવી મનોવૃત્તિનો અર્ઘ્ય અર્પવા મહાવરો પાડવો જોઈએ. પાણીના એકલા બાહ્ય સ્નાનથી આંતરશુદ્ધિ થતી નથી.

૭. સંતોષ રાખવાની ટેવ પાડવી : સંતોષના દૃઢ પાયા ઉપર વસનાર કેવી સ્થિતિ ભોગવે છે! એને જીવન સભર લાગે છે : શુભ વૃત્તિઓની શક્તિઓ અનુભવે છે : એ સુખી હોય છે — એનો આત્મા નિરાંત અનુભવે છે.

૮. આત્મસંયમની ટેવ પાડો : આપણે પાપ કરીએ એના કરતાં આપણા વિરુદ્ધ બીજાઓ પાપ કરે એ વધારે સારું છે. જે મનુષ્યો તમારું અનિષ્ટ કરતા હોય તેમને ક્ષમા આપો. વિપત્તિમાં ધૈર્ય ધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરો. દૃઢ અને હિંમતવાન બનો. આકસ્મિક દુઃખો આવી પડે અને લોકો તમારા તરફ તિરસ્કાર દાખવે ત્યારે તમારે નિરાશાથી પીઠ ફેરવવી નહિ પણ હિંમતપૂર્વક સામનો કરવો. સહન કરવું એ પ્રારબ્ધ ઉપર વિજય મેળવવા સમાન છે.

૯. સમયની પવિત્રતા જાળવવાની ટેવ પાડો : સખત મહેનત કરીને અને પ્રામાણિક ધ્યેય રાખી જે મનુષ્ય પોતાના સમયનું પાવિત્ર્ય જાળવે છે તે મૃત્યુ અને જીવનમાં રહેલા ડંખો એકદમ દૂર ખેંચી નાખ્યા શકે છે. પ્રકૃતિની સાથમાં જ તે મુસાફરી કરે છે અને તેના માર્ગમાં શાન્તિ પથરાય છે.

૧૦. ભક્તિના ઊંડાણમાં જવાની ટેવ પાડો : ઇંદ્રિયોને બાહ્ય વસ્તુઓ ખેંચતી હોય, તેમાંથી તેમને પાછી વાળવાની ટેવ પાડો, અને તેમ કરવા માટે, કોઈ પણ એક જ વસ્તુ જે તમારા મનને રુચતી હોય, તેના તરફ જ કેવળ, તમારા મનને આલંબન આપવાની ટેવ પાડો — પ્રત્યાહારની ટેવ પાડો. જે તમારો પ્રિય પદાર્થ હોય તેના તરફ જ તમારા મનને ચોંટાડો : એ ધ્યેય–પદાર્થમાં જ તમારા મનને પૂરી દો : અને તેની સાથે એકરૂપ થવા સતત પ્રયત્ન કરો. એ જાતની શિસ્તથી, તમે તમારા મનને, પરમાત્મામાં પૂરવા સમર્થ અને શક્તિમાન બનાવી શકશો, અને એમની સાથે એકરૂપ બનવા પણ શક્તિશાળી થશો. એમ કરશો તો તમને પરમેશ્વરની સુવાસ આવશે, એમના સૌન્દર્યને નિહાળી શકશો, એમની અદ્‌ભુત હાજરી અનુભવી શકશો. એટલું જ નહિ, પરંતુ તમારી આંતરિક શ્રવણેન્દ્રિય ખૂલી જશે અને જીવનપ્રકાશ અને પ્રેમનું દૈવી સંગીત સાંભળી શકશો.

પંથની માન્યતાઓમાં ભલે જુદાપણું હોય પરંતુ તત્ત્વતઃ તો સર્વેમાં ઐક્ય રહેલું છે એ વાત દયારામભાઈ કદી ભૂલતા નહિ.

પોતપોતાના પંથની માન્યતાઓ માટે અતિ ઉત્સાહી ધર્માન્ધ ઝઘડાખોરોને બાદ કરી બાકીના માટે તેઓ નીચે પ્રમાણે જણાવતા :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જેનું જીવન સત્યના માર્ગે છે એ કદી ખોટો હોઈ શકતો નથી." વળી — "તાત્ત્વિક બાબતોમાં એકય, અતાત્ત્વિક બાબતોમાં સ્વતંત્રતા અને સર્વે તરફ ઉદારતા અને દાનવૃત્તિ" આ બાબતનું તેઓ સતત ગાન કરતા હતા. તેઓ સમજતા હતા કે, "વાસ્તવિક દુનિયા હંમેશા આદર્શ હોતી નથી," અને જ્યારે મુશ્કેલીઓ આવતી ત્યારે તેમની સલાહ એવી હતી કે, "સદ્‌ગુણનો સરળ રસ્તો તમારી નજર સમક્ષ રાખો: કદી એવો વિચાર રાખતા નહિ કે દુષ્ટ વસ્તુમાંથી સારી વસ્તુ ઉદ્‌ભવી શકે; પણ જ્યાં સાચો વિરોધ ઊભો થાય ત્યાં જે મનુષ્ય પોતાના સંજોગો પ્રમાણે સંજોગોને આધીન થઈને સારામાં સારી રીતે વર્તે છે તે જ ઉમદા રીતે વર્તે છે, — ફિરસ્તાઓ એથી વધુ કરી શકતા નથી — એથી વધુ ઉમદા રીતે વર્તી શકતા નથી.

સારાંશ કે: માનવી એક મહાન ખીણ સમાન છે, અને ભૂતકાળમાં મળેલી નિષ્ફળતાઓને લીધે ઊભી થયેલી અવ્યવસ્થામાંથી એ વ્યવસ્થિત દુનિયાનું સર્જન કરી શકે છે અને તે પણ પરમાત્માના કાયદાને તાબે થઈને જ. ભલા થાઓ, સત્કૃત્યો કરો, અને એમ કરવા માટે દયારામભાઈ નીચેની વાત રજૂ કરે છે: "એક વિચાર-બીજને વાવો અને તેમાંથી કૃત્યનો ફાલ ઊતરશે: એક કૃત્યરૂપી બીજને વાવો અને તેમાંથી ટેવ રૂપી ફળ મળશે: ટેવ-બીજને વાવો અને તમારું ચારિત્ર્ય ઘડાશે. ચારિત્ર્ય-બીજને વાવો અને તેમાંથી તમારું પ્રારબ્ધ બંધાશે. સૌથી શ્રેષ્ઠ પ્રારબ્ધ એ પરમાત્માના પ્રેમપાત્ર બનવું એ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

જીવનનાં ધુમ્મસ અને વરાળ

દુનિયાનાં થીજી નાખે એવાં દુઃખોમાં રહેલા જે પ્રકાશને દુનિયાના ખીજા લોકો મૃત્યુ સમયે સળગાવવામાં આવતી મીણબત્તીઓ સમાન માનતા એ દુઃખોને, અને એમાં રહેલા પ્રકાશને, દયારામભાઈ પ્રભુએ પ્રકટાવેલા દૂરના દીવા સમાન માનતા.

એમના મરણ અગાઉ એમની ત્રણ પુત્રીઓ સ્વર્ગે સંચરી હતી. એથી દયારામભાઈ જરાય અશાન્ત બન્યા નહોતા એટલું જ નહિ પરંતુ તેઓ કહેતા કે પ્રભુમાં એવી વિચિત્ર જાદુઈ શક્તિ રહેલી છે કે શોકને પણ પોતાના પ્રેમ સ્વરૂપનો એક અંશ બનાવી દે છે. વળી તેઓ માનવ જીવનમાં કેવો રસ ધરાવતા હતા એનો ખ્યાલ એમણે પોતાના એક જમાઈને કહેલા શબ્દો ઉપરથી આવશે. પોતાની એક પુત્રી ગંભીર રીતે માંદી હતી અને ત્યાર બાદ મરણ પણ પામી હતી ત્યારે એના પતિને દિલાસાનો પત્ર લખતાં નીચે પ્રમાણે જણાવ્યું હતું :—

"તમે પૂછો છો કે એનો રોગ શું તમે તમારી જાતે વહોરી લઈ એને સુખી ન કરી શકો? વળી તમે પૂછો છો કે પ્રભુ નારાજ થાય એવું આપણે કંઈ કર્યું નથી, તો પછી આપણે આટલું બધું શા માટે વેઠવું પડે છે? એના પ્રત્યુત્તરમાં જણાવવાનું કે ગુરુ અર્જુને ઘણું કષ્ટ વેઠ્યું હતું: ગુરુ ગોવિંદસિંગે પણ એ પ્રમાણે ઘણું સહન કર્યું હતું. ઈસુ ખ્રિસ્તે પણ ભયાનક યાતના વેઠી હતી. શું તેમણે પ્રભુને નારાજ કર્યો હતા? આપણા સમયની વાત કરીએ તો, ભાઈ કાલાચંદ, મારા પિતા અને મારા ભાઈઓનાં મરણ પણ કષ્ટમય રીતે થયાં હતાં, એમ મારું માનવું છે. શું તમે નીચેની મતલબનું નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચ્યું કે 'કેવળ શોક એકલાને રસ્તે જ શોકમુક્ત પ્રદેશમાં પહોંચાય છે?' શું આ નાની શી દુનિયા એટલી બધી સુખો અને આનંદ ભોગવવા જેવી છે? શું તમે એમ ધારો છો કે જેને મૃત્યુ માનવામાં આવે છે તેની સાથે સર્વનો અંત આવે છે? Myer–માયર–નામના લેખકે એક અંગ્રેજી પુસ્તક લખ્યું છે–'Survival of Personality After Death'–મૃત્યુ પછી જીવતું રહેતું વ્યક્તિત્વ અથવા જીવતી રહેતી વ્યક્તિઓ. એ પુસ્તકનું કદ મોટું છે અને કિંમત પણ ઘણી છે. એ વાંચવાનો તમને અવકાશ ન હોય તો બીજી એક પુસ્તકને વાંચી જવાની મારી તમને ભલામણ છે. "મૃત્યુ પછી" એ પુસ્તક નાનું અને સસ્તું છે. હું ધારું છું કે એ વાંચીને તમને જરૂર લાગશે કે આ આપણી નાની ઉકરડા સમાન દુનિયા કરતાં બીજી વધારે સારી દુનિયાઓ પણ છે. આપણી આ પૃથ્વીમાં તો આપણે આપણાં ભૂતકાળનાં કૃત્યોને લીધે ગંધાતા ઉકરડાનાં ગાઢ પડળોમાં કેદીની માફક પુરાઈને જીવન ગાળવું પડે છે: ખોરાક અને પાણી વગર આપણે એમાં જીવી શકતા નથી: શ્વાસોચ્છ્વાસમાં આપણે ખૂબ મલિન હવા લેવી પડે છે: સત્યની શોધ આપણે માટે ઘણી મુશ્કેલ હોય છે: વૈદ્યો અંદરે અંદર સંમત થઈ શકતા નથી: અને નિષ્ણાતો લગભગ દરેક મુદ્દામાં આપણી દૃષ્ટિને ધુમ્મસની માફક આવરી લઈ કોઈ પણ બાબતની સ્પષ્ટ સૂઝ પડવા દેતા નથી. ખરેખર! આપણે ધુમ્મસમાં જીવન ગાળીએ છીએ અને એમાંથી બચવા માટે સારા માણસો યુવાવસ્થામાં જ અહીંથી ચાલતા થઈ જાય છે — મૃત્યુ પામે છે. એવા સારા માણસો ઉપર ખરેખર! ઈશ્વર નારાજ થયેલો હોતો નથી. પ્રભુ એવાઓને અહીં દુઃખ આપે છે જેથી કરીને આ દુનિયા માટે તેમનામાં કોઈ જાતની આસક્તિ રહે નહિ. આ દુનિયાના કેદખાનામાં તેમને કોઈ જાતની આસક્તિ નહિ રહે એટલે અહીંના વાતાવરણની જરાય અસર ઉપરની બીજી દુનિયામાં તેઓ લઈ જશે નહિ અને ત્યાંની સ્વર્ગની હવાને દૂષિત બનાવશે નહિ. આપણામાં વૈરાગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોય તો આપણે આપણા મરણ બાદ બીજી દુનિયામાં આપણું આસક્તિમય કલુષિત વાતાવરણ સાથે લઈ જઈએ છીએ એનું સૂચન પણ આમાં રહેલું છે. 'વૈરાગ્ય-દાતા ઈશ્વર' એ રીતે આપણો મિત્ર છે. એ મિત્ર આપણને એના પ્રેમથી પ્રેરાઈને એનું દાન કરતો હોય તોય ભલે, અથવા એના 'કર્મના કાયદાને' અનુસરીને એ ફળ આપણને આપતો હોય તોય ભલે.

"વેદના ભોગવતા જીવોને સંબોધીને Spurgeon–સ્પર્જન નામના લેખકે એક ઉપદેશનું પ્રવચન લખ્યું છે તે હમણાં જ હું વાંચતો હતો. એમાંનો ઉપદેશ લોકોને એમ માનવાની ભલામણ કરે છે કે 'પ્રભુના પ્રેમના સૌથી વધુ પસંદગી પામેલા પત્રો આપણને કાળી કિનારના પરબીડિયામાં મોકલવામાં આવે છે અને જોકે એ કાળી કિનારનું પરબીડિયું જોઈ આપણે ભયભીત બનીએ છીએ, પરંતુ જો બરાબર આપણે એ પરબીડિયું ઉઘાડી અંદર બરાબર નજર ફેંકી જોઈશું તો આપણને આપણા આત્માને સમૃદ્ધ બનાવે એવાં તત્ત્વો માલૂમ પડશે.' મહાન કસોટીના પ્રસંગો એવા હોય છે કે એનાં વાદળોમાંથી પ્રભુ મહાન દયાની વર્ષા વર્ષાવે છે. ઘણી વખત જ્યારે પ્રભુને કોઈ અસાધારણ દયા આપણા તરફ મોકલવી હોય છે ત્યારે તેઓ તોફાની અને બીજવાયલા ઘોડાઓ મારફત એને આપણાં દ્વાર તરફ ધકેલે છે. સામાન્ય માલથી ભરાયલાં નાનાં વહાણો સરળ રીતે વહેતી નદીઓમાં મુસાફરી કરે છે પરંતુ ભારે બ્રહ્મનાથી ભરપૂર મોટું જહાજ તો ઊંડા સમુદ્રની સપાટી ઉપર જ મુસાફરી કરે છે. લેખક સ્પર્જન અને 'મૃત્યુ પછી'ના પુસ્તકનો લેખક એ બંને ઈસુ ખ્રિસ્તના ભક્તો હતા. પણ ઈસુ પોતે કોણ હતા? જ્યારે કોઈ પયગમ્બર અથવા સંતપુરુષ જન્મ ધારણ કરે છે ત્યારે માની લેવું કે ઈશ્વર આવે છે. તેઓ યુગે યુગે અવતાર લે છે. તેઓ દરેક પ્રજામાં અવતાર લે છે. તેઓ સામાન્ય રીતે બહુ જ વિનમ્ર સ્થિતિનો છૂપો વેશ ધારણ કરી પધારે છે. કેમ કે ગુરુ નાનક એક ઠેકાણે જણાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે ગુરુઓનો ગુરુ પ્રભુ દાસનોય દાસ છે. તેઓ પ્રેમી હોય છે અને સાચો પ્રેમ આત્મસમર્પણ માગે છે. પરમાત્માના પ્રેમ અને આત્મભોગને ચક્ષણી નાણાંની માફક પસારો કરે એવા સારા માણસોમાં, જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત આત્માઓ, પ્રભુને અને કેવળ પ્રભુને જ જુએ છે. એવા સારા મનુષ્યોની સંખ્યા હિન્દમાં ઠીકઠીક પ્રમાણમાં થઈ ગઈ છે અને તેઓ અવતાર અથવા સંતપુરુષો તરીકે પૂજાય છે. તેઓનું એ દૈવી જૂથ બનેલું છે અને—

مردان خدا خدا نباشند لیکن ز خدا جدا نباشند

ખુદાએ સર્જેલ આદમી ખુદા નથી પણ એ ખુદાથી જુદા નથી.

"'ઈશ્વરને આપણે જે સ્વરૂપે પૂજીએ છીએ એ સ્વરૂપે તેઓ દર્શન દે છે.' ખ્રિસ્તી લોકો ઈસુમાં એમનાં દર્શન કરે છે, હિન્દુઓ વૈદિક ઋષિઓમાં અને અવતારોમાં, મહાન ભક્તોમાં, જ્ઞાનીઓમાં અને યોગીઓમાં એમનાં દર્શન કરે છે. સર્વ અગત્યનાં આવશ્યક તત્ત્વોમાં, તત્ત્વતઃ સર્વેમાં સંપૂર્ણ એકમત પ્રવર્તે છે. ગીતામાં સૌથી સારામાં સારી સલાહ અને ઉપદેશ એવો છે કે "सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। કાલ્વિન અને લ્યૂથર જેવા ખ્રિસ્તી લેખકો અને બીજા પણ ઘણા જણ હાલમાં એવા ભાવનો જુદાં જુદાં સ્વરૂપોમાં ઉપદેશ આપે છે, માટે ઈશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ રાખો. સૌથી સારું શું છે એ તેઓ જાણે છે. તેમનો કાયદો ન્યાયી છે અને જરાય ખામી વિનાનો છે. ઊંચે તારાઓથી ભરપૂર આકાશમાં નજર નાખો. શું એ કોઈ એવકૂફ અને પરતંત્ર માણસની કૃતિ છે? તમારા અંતરમાં રહેલી લાગણીઓ–વૃત્તિઓ તરફ નજર ફેંકો. બીજાનું દુઃખ જોઈ તમે તમારી જાતે એ દુઃખ ઉઠાવી લેવાને તત્પર થાઓ છો. એને માટે તમારામાં જે માનવપ્રેમની ભાવના ઉત્પન્ન થાય છે એ શું શક્ય હતું? શું પરમાત્મા એથી ઓછો પ્રેમ ધરાવી શક્યા હોત? નહિ જ. બ્રાઉનિંગ નામનો લેખક કહે છે કે પ્રેમની બાબતમાં માનવી પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરજનહાર પ્રભુના કરતાં ચડિયાતો બની શકે નહિ. છતાં પ્રભુ કોઈ દિવસ એવી ઇચ્છા રાખતો નથી કે તે તેનો હિતેચ્છુ હોવાનો ડોળ કરી બહાર આવે. એમની દયાએ વેશપલટો કરેલો હોય છે અને એ છૂપા વેશમાં દેખા દે છે. એ વેશપલટાને ભેદીને નજર નાખી એમને જુઓ. એ જ આપણો પિતા, માતા, બહેન, બંધુ, અનુપમ સખા છે— અને માનવ સંબંધોમાં આપણે જે કંઈ ચાહીએ છીએ એ સર્વસ્વ છે. તમારી પત્નીમાં એ છે અને તમારી જાતમાં પણ એ છે. માટે આત્મા ભલે આત્માની સાથે વાત કરે અને દ્વૈતમાંથી અદ્વૈતમાં ઊર્ધ્વગામી બને. પ્રભુ તમને એ રહસ્ય સમજાવવાની ઇચ્છા રાખે છે. એ સૌથી મહાન વૈદ્ય છે. એમનું શરણ સ્વીકારો અને કહો કે 'હે પ્રભુ! અમારી નહિ પણ તારી ઇચ્છા પ્રમાણે બનો; અમારામાંથી અહંકારને દૂર કરો; અમારા એક પ્રકારના રોગને લીધે ઉત્પન્ન થયેલા અને તમને છુપાવતા અનેક માયાવી પડદાને ચીરી તમારાં દર્શન કરવાને શક્તિમાન બનાવો અને અમારામાં રહેલા અંધકારને પ્રકાશમાન બનાવો. હે પ્રભુ! અમારામાં જે કંઈ અધમ તત્ત્વો હોય એને ઉન્નત બનાવો અને અમને તમારો આધાર આપો. અંધારી રાતનાં કાળાં ચામાચીડિયાં જેવી કુશંકાઓ અમારી પાસેથી દૂર ઊડી જાય એવું, હે પ્રભુ! તમે થવા દો. અમને આંધળા બનાવનારી માયા દૂર થાઓ અને સત્યના સૂર્ય સમાન પરમાત્માનો પ્રકાશ પ્રાપ્ત થાઓ. જેમાં સતત સ્થિરતા રહેલી છે અને વાંકાપણાનો જરાય પડછાયો નથી એવા હે સત્યના સૂર્ય, તમે અમારા સારાય અસ્તિત્વ ઉપર પ્રકાશમાન હો! જો એવું બને તો પછી આ નાની દુનિયાનાં બધાંય અધમબળો અમારા ઉપર પોતાના પૂરેપૂરા બળથી તૂટી પડે તોપણ અમને શી ઈજા કરી શકવાનાં હતાં? એ ઘૂરકતા રાક્ષસો અમને કંઈ પણ કરી શકવાના નથી જ. હે પ્રભુ! તમે અમારા વહાણના લંગર સમાન છો, અને તમારી ઢાલનું અમને સદાય રક્ષણ મળે છે. હે પ્રભુ! એવો કોઈ પણ સમય ન આવો કે જ્યારે અમે તમને ભૂલી જઈએ.' પ્રાર્થના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એકાત્મ-ભાવ એ શ્રેષ્ઠ ઔષધ છે. ઘણી વખત, આનંદી મન જર્જરિત થયેલા દેહને પુનઃ તંદુરસ્તી અર્પે છે.

"એક વખત ક્ષયના રોગથી પીડાતા એક સદ્‌ગૃહસ્થે 'ઇન્ડિયન સ્પેક્ટેટર'ના છાપાના તંત્રીને પોતાનો અનુભવ લખી જણાવ્યો હતો. એમાં એણે જણાવ્યું હતું કે હોમિયોપથી અને અંગ્રેજી દવાઓ જ્યાં પોતાના રોગને દૂર કરી શકી નહોતી ત્યાં આનંદી મન અને દૃઢ ઇચ્છાશક્તિના ઉપયોગથી એ પોતાના રોગને દૂર કરવા સમર્થ બન્યો હતો. ખરેખર! પ્રાર્થના અને એકાત્મ-ભાવથી પ્રભુનું સ્મરણ એ બન્ને રોગનિવારક છે. એ બન્ને તરફ કોઈ દિવસ બેદરકાર રહેતા નહિ. ચિત્ત જો શાન્ત અને આનંદી હશે અને આત્મા જો પ્રભુ સાથે સુમેળ ધરાવતો હશે તો દેહનાં દુઃખ તરફ તટસ્થ વૃત્તિથી જોવાશે—દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ થશે. એવા પ્રસંગે શરીરના કવચમાં જે કંઈ ફેરફારો થતા હશે એના તરફ એક તટસ્થ દ્રષ્ટાનું વલણ તમારું થશે અને તમે સુખદુઃખ રહિત બનશો. તમારાં પત્નીના મનનું વલણ એવા પ્રકારનું કરવા પ્રયત્ન કરવો જોઈએ. વળી એનાથી બની શકે એટલો બધો વખત એણે ગ્રન્થસાહેબનું વાચન રાખવું જોઈએ. એનાં ફેફસાં કરતાં પણ ઈશ્વર એની વધુ નજીક છે અને એ જ વધારે અચૂક આધાર છે. એ ઈશ્વર તરફ એના ચિત્તની સર્વ આંકાક્ષાઓ ઉડુમન કરતી એ બનવા દે એમ પણ એને કહેજો. વળી તેને કહેજો કે તે બહાદુર બને અને પ્રભુમાં વિશ્વાસ રાખે. એમની—ઈશ્વરની—ઇચ્છા પ્રમાણે જ બનો, આપણી ઇચ્છા પ્રમાણે નહિ."

એમની એ પુત્રી ત્યાર પછી મરણ પામી ત્યારે એમણે વળી લખી જણાવ્યું:— "હું માનું છું કે તમારાં પત્ની સહીસલામત અને સુખી છે. 'After Death'—મૃત્યુ પછી એ પુસ્તક વાંચવાની હું તમને ભલામણ કરું છું. લેખક પ્લેટોનું Phaedo એ નામનું પુસ્તક પણ વાંચી જજો. સૉક્રેટીસે મૃત્યુને 'મુક્તિદાતા તરીકે આવકાર આપ્યો હતો. એના મિત્રોને એણે કહ્યું હતું કે રડશો નહિ, કેમ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તો એ રીતે એક વધુ સુખી દુનિયા તરફ પ્રયાણ કરતો હતો. 'The Ancient Sage' એ નામના કાવ્યમાં આંગ્લ કવિ ટેનિસન કહે છે–(ભાવાર્થ) મૃત્યુની હાઠડી ઉપર જે કાળું ચિહ્ન રાખવામાં આવે છે એને હું ધિક્કારું છું. હું ઇચ્છું છું કે મરણ પામેલા મનુષ્યો આપણા કરતાં વધારે સુખી બને. આપણાં પાર્થિવ દુઃખોમાંથી મુક્ત બની તેઓ એક પગથિયું ઊંચે ચઢ્યા હોય છે. માટે તેમની હાઠડી સફેદ વસ્ત્રો – ચિહ્નોથી ઢંકાયેલી રાખવી જોઈએ. દફન ક્રિયા હોય કે દહનક્રિયા હોય તોપણ શબ્ય ઉપર તો પુષ્પોનો મુગટ હોવો જોઈએ અને મૃત્યુની પ્રશંસાનાં ગીત ગવાવાં જોઈએ.

"હિન્દુઓમાં હંમેશાં એવું જ બને છે. ગુરુ નાનકે ગ્રન્થસાહેબ-માંના કિર્તન સોહિલામાં એ ભાવનાનું જ ગાયું છે અને જણાવ્યું છે કે મરણ સમયે સરઘસમાં એ ગીત ગાવું જોઈએ—એમાં આત્મા પરમાત્મા સાથે લગ્ન કરે છે અને એના આનંદોત્સવની ભાવના પ્રદર્શિત કરેલી છે.

"ટેનિસન નામના આંગ્લ લેખકે In Memorium નામનું શોકગીત લખ્યું છે તે હું તમને વારંવાર વાંચી જવાની ભલામણ કરું છું. Madame Guyon – નામની લેખિકાએ લખેલું 'Spiritual Torrents' આધ્યાત્મિક ધોધમાર વર્ષા – એ નામનું પુસ્તક પણ હું તમને વાંચી જવા ભલામણ કરું છું. The Imitation of Christ –ઈસુ ખ્રિસ્તનું અનુકરણ; The little Flowers of St. Francis અને સૌથી વિશેષ તો ગીતા અને ઉપનિષદો વાંચવાની તમને મારી ખાસ ભલામણ છે. 'સ્પર્જન' – Spurgeon – એક ધર્મપ્રવચનમાં જણાવે છે કે કોઈ પણ નિઃસ્વાર્થ મનુષ્ય, મૃત્યુ પામેલાને અહીં પાછા આવવાનું કદી કહેશે નહિ, કેમ કે આ દુનિયા તો એક કેદખાનાના ભોંયરા જેવી છે. નિઃસ્વાર્થી મનુષ્યે તો એ આત્મા જ્યાં હોય ત્યાં જવાનો પ્રયત્ન કરવો જોઈએ અને એ ધ્યેય પ્રાપ્ત કરવાનો સૌથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારો રસ્તો તો એ છે કે શાન્ત અને વાજબી કલ્પનાઓ રાખવી, સ્વચ્છ સ્મૃતિ રાખવી અને શાન્ત સમુદ્રની સપાટી સમાન સ્થિર અને સ્વચ્છ અંતઃકરણ રાખવું.

"તમારી પત્નીને અનુલક્ષીને તમે જે કંઈ પ્રેમપૂર્ણ વિચાર ઊંચે આભમાં મોકલશો તે કદી નિરર્થક નહિ જાય."

૭

વર્ષગાંઠની ભેટ

માનવી તરીકે દયારામ ગિદુમલ કેવા પ્રકારના હતા એની એક વધુ ઝાંખી તેમના નીચે પ્રમાણે લખેલા એક પત્ર ઉપરથી થાય છે. એમના પુત્રના જન્મદિવસની ભેટ તરીકે એમણે એને એક નીચે પ્રમાણેનો પત્ર લખ્યો હતો :—

"હવે તો એક અર્ધી સદી વટાવી ગયેલી મારી ઉંમર થઈ છે. બે એક દિવસ પછી તારી ઉંમર તો ફક્ત અઢાર થશે. તારી જન્મ-ગાંઠની ભેટ તરીકે હું આ પત્ર તને લખું છું. મારા અનુભવના આધારે હું તને એમાં જે શિખામણ આપું છું એને તું મારી સારામાં સારી ભેટ માનજે.

"કેટલાક વખતથી મને એક કોયડો મૂંઝવતો હતો. ફક્ત ગઈ કાલે રાત્રે જ એનો ઉકેલ મને સૂઝ્યો છે. પ્રશ્ન એ હતો કે પ્રારબ્ધ અને પુરુષાર્થનો મેળ કેમ મેળવવો — એનો સમન્વય કેવી રીતે સાધવો?

"'ગ્રન્થસાહેબ'માં વારંવાર કહેવામાં આવ્યું છે કે માનવીના લલાટે જે કંઈ લખવામાં આવ્યું છે તે કદી મિથ્યા થતું નથી. પ્રારબ્ધમાં લખેલું કદી ભૂંસાતું નથી. આ બાબતમાં હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે 'પ્રારબ્ધ' શબ્દનો અર્થ ફક્ત 'તીવ્ર પ્રારબ્ધ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો. કદાચ તું જાણતો હોઈશ કે કર્મ ત્રણ પ્રકારનાં છે — સંચિત કર્મ, પ્રારબ્ધ કર્મ અને ક્રિયમાણ કર્મ. અંગ્રેજી ઇતિહાસમાં આવતા હેન્જિસ્ટ અને હોર્સાનાં નામ તો તું જાણતો હોઈશ. એમના પહેલાં પણ તું જીવન જીવતો હતો — પૂર્વજીવનમાં. કાર્લાઈલ ગ્રન્થકર્તા એક તુંડમિજાજી સ્કૉટલેન્ડનો વતની હતો. એણે 'સાર્ટોર રીસાર્ટસ' નામનું પુસ્તક લખ્યું હતું. એ તેં વાંચ્યું હશે. એમાં 'પોશાકની ફિલસૂફી' વિશે એણે લખ્યું છે તે કદાચ પૂર્વજન્મના સિદ્ધાન્તને અનુલક્ષીને જ હતું. એના જેવો તુંડમિજાજી પણ આ પૂર્વજીવનની કલ્પનાને માનતો હતો એ કેવું વિચિત્ર લાગે છે!

"આપણાં પુસ્તકોમાં 'કર્મ' અને કર્મના પરિણામે ઉત્પન્ન થતી 'વાસના' એ શબ્દોનો ખૂબ ઉલ્લેખ થયો છે. દરેક વિચાર, દરેક શબ્દ અને દરેક કૃત્યના ગર્ભમાં વાસના રહેલી છે. અનેક પૂર્વ જન્મોમાં તમે જે કંઈ વિચારો કર્યા હતા, જે કંઈ શબ્દો ઉચ્ચાર્યા હતા અને જે કંઈ કૃત્યો કર્યાં હતાં એનો કંઈ નાશ થયો નહોતો. 'વાસના' સ્વરૂપે તેઓ હાલ પણ હયાત છે. 'સંચિત કર્મ'ના નામથી ઓળખાતા મહાન ભંડારમાં તેઓ અસ્તિત્વ ધરાવે છે. કર્મના કાયદા અનુસાર એમાંનો એક અંશ આ જીવનમાં જે શરૂ થાય છે એ ક્રિયમાણ કર્મ છે. બીજો ભાગ પ્રારબ્ધ, નસીબ અથવા ભાવિ એવાં શિથિલ નામોથી ઓળખાય છે. એ ત્રણ પ્રકારનાં છે: તીવ્ર, મધ્યમ અને કનિષ્ઠ. મધ્યમ અને કનિષ્ઠ પ્રકારનાં પ્રારબ્ધને તમે પુરુષાર્થથી દૂર કરી શકો છો કે ઓછાં કરી શકો છો — ગુરુત્વાકર્ષણના નિયમને આપણે દૂર કરી શકીએ છીએ તેમ. એવું કરવાની તમારામાં શક્તિ હોય છે. પરંતુ તીવ્ર પ્રારબ્ધ દૂર કરવાની તમારામાં તાકાત હોતી નથી — એ દૂર કરી શકાતું નથી. જ્યારે માનવી પ્રભુએ આપેલી સ્વતંત્રતાનો વારંવાર દુરુપયોગ કરે છે અને પ્રભુને આપેલા વચનનો વારંવાર ભંગ કરે છે ત્યારે પ્રભુ તેના વિકૃત — પાપી મનને સુધારવા શિક્ષાનો અમલ કરે છે. એ શિક્ષાથી થતા દુઃખને આપણે તીવ્ર પ્રારબ્ધ કહી શકીએ. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવીના ભલા માટે છે અને તેથી લલાટે લખેલું ભૂંસાતું નથી. પ્રભુનો એવો હુકમ છે. એમ બનવું જ જોઈએ.

"પરંતુ આ સંબંધે સંતપુરુષોએ વારંવાર કહ્યું છે કે જોકે દુઃખ તો આવવાનું જ છે, પરંતુ સદ્‌ગુરુની સેવા કરીને, સંતપુરુષોનો સમાગમ કરીને, અને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને તથા પોતાની પ્રકૃતિમાં જે કંઈ કચરો રહેલો હોય તેને સાફ કરી, વિશુદ્ધ બનવાથી અને પોતાને જે કંઈ પ્રાપ્ત થયું હોય તેને એક ટ્રસ્ટ — થાપણ તરીકે માનવાથી, માનવી કંઈક અંશે મુક્ત અને હળવો બની શકે છે અને પોતાના દુઃખના એક દ્રષ્ટા — સાક્ષી તરીકે જીવન જીવી દુઃખથી દૂર થઈ શકે છે. એ રીતે જ તીવ્ર પ્રારબ્ધનો ઉકેલ કંઈક અંશે કરી શકે છે.

"સિદ્ધાન્ત તરીકે તો આ વાત હું ઘણા વખત અગાઉનો જાણતો હતો, પરંતુ ગઈ કાલે જ આ વાતનું મને તીવ્ર ભાન થયું. આ બાબતના વિચારોએ ચોક્કસ સ્વરૂપ ધારણ કર્યું. સવારમાં મારી સ્મૃતિનોંધમાં આ બાબતનું નિરાકરણ મેં નીચે પ્રમાણે નોંધ્યું છે :—

'કર્મનો કાયદો સંભવતઃ નીચેના ક્ષેત્રમાં પૂરતો અવકાશ રહેવા દે છે —

૧. માનવીના વ્યક્તિગત જ્ઞાન, ડહાપણ, બુદ્ધિચાતુર્ય અને પ્રયત્ન માટે,

૨. પ્રાર્થના, શ્રદ્ધા અને આશા માટે,

૩. વિશાળ દુનિયામાં આપણાં ભાઈબાંધુ તથા સગાંસંબંધીઓને દાન માટે,

૪. મહાન માતૃશક્તિ દયાનો ઉપયોગ કરી આપણા યોગશાસ્ત્રમાં દર્શાવેલા કલેશોને અને એટલા ઓછામાં ઓછા કરવા માટે.'"

દયારામનો ઉપરનો પત્ર એક દુન્યવી માણસ કરતાં ધાર્મિક વૃત્તિના માનવી માટે વધારે યોગ્ય ગણી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પુત્રના બીજા એક જન્મદિને લખેલો પત્ર વધારે વ્યાવહારિક હતો. એમાં એમણે નીચેની ભલામણો કરી હતી :

"૧. તમારી તંદુરસ્તીનું સંરક્ષણ કરવા માટે — તમારું શરીર સારું રાખવા માટે તમારે રોજ નિયમિત કસરત કરવી જોઈએ, સાદી ટેવો પાડવી જોઈએ, શાંત મન રાખવું જોઈએ અને તમારા શહેરના આરોગ્ય-સંરક્ષણ માટે સારામાં સારો શક્ય પ્રયત્ન કરવો જોઈએ. અગાઉથી લીધેલાં સંરક્ષણાત્મક પગલાં, એ વિકૃતિને પાછળથી સુધારવાનો ઇલાજ કરવા કરતાં વધારે સારાં છે.

"૨. તમારે કોઈ પણ એક ઉચ્ચ આદર્શ પસંદ કરવો જોઈએ અને પછી એને પહોંચવાનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ. આ રીતે તમે તમારા જીવનને સહેતુક બનાવી શકશો અને જીવનમાં રસ રહેશે. અલબત્ત, કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેમણે પૂર્વજીવનમાં પરમાર્થમય જીવન ગાળેલું હોવાથી, આ જન્મમાં, અદૃશ્ય પ્રભુમાં કલાકોના કલાકો સુધી ચિત્તને પરોવી શકે છે અને એમાં મગ્ન રહી શકે છે. તમે જાતે જ વિચારી જોજો કે તમે આવા પૂરેપૂરા ધ્યાન–મગ્ન જીવન માટે લાયક છો, કે પૂરેપૂરા પ્રવૃત્તિમય જીવન માટે લાયક છો, કે પછી અર્ધા ધ્યાનમગ્ન અને અર્ધા પ્રવૃત્તિમય જીવન માટે લાયક છો.

"૩. ઓછામાં ઓછી એક વિદ્યામાં તો નિષ્ણાત બનવું.

"૪. તમારી કેળવણી તરફ બેદરકાર રહેશો નહીં. સમય અને દ્રવ્ય એ થાપણ સમાન છે. એમનો ટ્રસ્ટ તરીકે ઉપયોગ કરવો. દીર્ઘ-સૂત્રી નહીં બનતાં ઝડપથી જે કંઈ શુભ કર્મો કરવાનાં હોય એ કરવાં.

"૫. સર્વ ધર્મોના પવિત્ર શાસ્ત્ર-ગ્રંથો તમારી પાસે તમારે રાખવા જોઈએ અને એ ઉપરાંત નીચેનાં પુસ્તકો પણ પાસે હોવાં જોઈએ. (ક) વિજ્ઞાનશાસ્ત્રની રૂપરેખા (ખ) ઇતિહાસની રૂપરેખા (ગ) સાહિત્ય અને કળાની રૂપરેખા. (ઘ) 'આધુનિક દુનિયા'ની રૂપરેખા (ઙ) હાર્મ્સવર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના લેખકે તૈયાર કરેલો 'બાળ-સર્વ-સંગ્રહ' એ — પુસ્તકોના વાચનથી તમે આધુનિક સામાન્ય જ્ઞાનથી સજ્જ બનશો. Whinfield નામના લેખકે ભાષાન્તર કરેલા અને ટૂંકાવેલા 'મસનવી' નામના પુસ્તકને પણ પાસે રાખશો. વળી 'Constable & co' તરફથી પ્રસિદ્ધ થયેલા 'Thresholds of seince' વિજ્ઞાનનો ઉંબરો — એ પુસ્તકને પણ પાસે રાખજો.

"૬. સાચા અને સારા મનુષ્યોનો આતિથ્ય-સત્કાર કરવો, જેથી કરી હંમેશાં સત્સંગમાં રહેવાય. ઘરમાં ધાર્મિક-સંગીત, ભજનો વગેરેને સારો આવકાર અને અવકાશ આપો. સંસ્કૃત ભાષા ભૂલશો નહીં અને ફારસી ભાષા શીખી લેજો.

"૭. 'University Extension Movement' સંબંધે વિદ્યાપીઠોના વિસ્તાર સંબંધે — અંગ્રેજીમાં પુસ્તક છે એનો વિગતવાર અભ્યાસ કરી લેજો. પ્રતિષ્ઠા બીજાને લેવા દઈ તમારે પાછળ રહી પ્રવૃત્ત રહેવું. જેમને સંસ્કાર પ્રાપ્ત કરવાનો અવકાશ નથી હોતો તેઓ તમારું ભલું વાંચ્છશે — શુભાષિશ દેશે.

"૮. શક્ય હોય એટલો બધો 'જ્ઞાન-યજ્ઞ' કરજો. કેળવણી વિષયક દરેક હિલચાલને મદદ કરજો. સ્ત્રીઓને કેળવણી આપવા દિવસના વર્ગોની વ્યવસ્થા શક્ય હોય તેવી અને તેટલી કરજો. મજૂરો માટે રાત્રિના વર્ગોની વ્યવસ્થા કરજો. મૅજિક લૅન્ટર્ન, સિનેમા અને રેડિયોની મદદ લઈ ભાષણો દ્વારા એમને કેળવણી આપવા પ્રયત્ન કરજો.

"૯. તમારો સમય આળસમાં ગુમાવતા નહીં. નિશ્ચયપૂર્વક અને સખ્ત કામ કરજો. તમારા મિત્રોને પણ એ પ્રમાણે સખ્ત અને નિશ્ચયાત્મક કામ કરવાને પ્રેરજો. એમ કરશો તો મરણ સમયે પ્રભુ જેવા સખ્ત કામ લેનાર મહાન શેઠ આગળ તમારે શરમાવું પડશે નહીં.

"૧૦. તમને સુધરવામાં હંમેશાં મદદરૂપ થવાય એ હેતુથી તમે એક નોંધપોથી રાખજો અને એમાં ખુલ્લા દિલથી તમારાં સ્ખલનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરેની સંપૂર્ણ નોંધ રાખજો. પરમેશ્વર સર્વસમયે અને સ્થળે હાજરા-હજૂર હોય છે એમ માની, એમની પ્રાર્થના દ્વારા મદદ યાચજો. એ બાબતની ટેવ પાડજો."

મારા—લેખકના એક મિત્રે આ વાંચી જણાવ્યું કે, "આધુનિક યુવાનો માટે ખરેખર આ દશ આજ્ઞાઓ ઉત્તમ પ્રકારની છે."

૮

ગાંધીજી અને ઉપવાસ

હિન્દના લોકોના જીવનમાં મહાત્મા ગાંધીજી જે ક્રાંતિકારો કરવાની ધારણા ધરાવતા હતા તે સર્વે જ દયારામ ગિદુમલને સ્વીકાર્ય નહોતા. તેમાંય ગાંધીજીના ઉપવાસના સિદ્ધાન્ત અને શાસ્ત્રે દયારામભાઈને ખૂબ અશાન્ત કરી મૂકયા હતા. તેમણે ગાંધીજીને એ સંબંધે નીચેના પ્રશ્નો પૂછી અને પોતાની વિચારસરણીનો ઉલ્લેખ કરી પત્ર લખ્યો હતો.

તેઓ લખે છે : " મહાત્મા ગાંધીજી ! હું તમને પ્રશ્ન પૂછું છું કે બીજાઓની ક્ષતિઓ માટે, સ્ખલનો માટે તમે વારંવાર ઉપવાસ ઉપર ઊતરી, અને એ રીતે તમારું આયુષ્ય ઓછું કરી તમે હિન્દ પ્રત્યે હિંસાથી વર્તતા નથી ? જે લોકો તમારા પ્રશંસકો છે, જે લોકો તમને માન આપે છે અથવા જે લોકો તમને ચાહે છે તેમના તરફ, તેમને ઊંડી ચિંતામાં નાખી, શું તમે હિંસાથી વર્તતા નથી ? હે પવિત્ર આત્મા ! હું તમને પૂછું છું કે શું તમે તમારી જાતને શરીર રૂપ જ માનો છો ? જો એમ જ હોય તો તો શરીરનાં દુઃખ એ તમારાં જ દુઃખ બને અને એ રીતે તમારાં દુઃખ આત્મભોગ રૂપ ગણાય. પણ જો 'તમે' 'શરીર' નથી તો પછી શરીરને એક તમારા સેવક કરતાંય હલકો ગણો છો – બીજાના દોષો માટે એને દોષી ગણીને એને શિક્ષા કરો છો અને એ શરીર–સેવકને તમારી તેમ જ તમારા દેશની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવા કરતાં એને અશક્ત બનાવી અટકાવે છે. એ શું હિંસા નથી? ગીતાજીમાં એક સ્થાને આહાર સંબંધે એવું જણાવ્યું છે કે "યુક્ત આહાર અને વિહાર." શું કોઈ ટીકાણે એમાં એવું જણાવ્યું છે કે તમારા શરીર તરફ હિંસાથી વર્તવું? અહિંસાના ઉપદેશકે પોતાના તરફ હિંસાથી ન વર્તતાં સેવક તરફ હિંસાથી વર્તવું એવું વલણ રાખવું શું વાજબી છે? શરીરનું આરોગ્ય જાળવી રાખવાની બાબતમાં–એનું બળ પણ જાળવી રાખવાની બાબતમાં, બીજી બાબતોની માફક આ બાબતમાં પણ શું તમારે દૃષ્ટાંતરૂપ ન થવું જોઈએ? ઈશ્વરે બીજી બાબતોની માફક શરીર યંત્રના પણ કાયદા રચેલા છે. એ કાયદાનું શું તમારે ઉલ્લંઘન કરવું જોઈએ?

૯

કેટલીક વાતો

મહાન ફરજો અને મહાન આત્મસમર્પણોનું જ જીવન બનેલું હોતું નથી. નાના પ્રકારના હાસ્યવિનોદો, નાના પ્રકારનાં માયાળુ કૃત્યો, નાના પ્રકારની ઉપકારાત્મક સેવાઓ જીવનમાં જીતે છે. એ વસ્તુઓના વારંવાર ઉપયોગથી જીવન સભર થાય છે; એ વસ્તુઓ મનુષ્યની હિંમત ટકારી રાખે છે અને એને માટે સુખચેન પ્રાપ્ત કરાવે છે.

એક આંગ્લ કવિએ એક કાવ્યમાં નીચેના ભાવાર્થનું જણાવ્યું છે:

એટલા બધા દેવો છે, એટલી બધી વિવિધ ધાર્મિક માન્યતાઓ છે, અને એટલા બધા વાંકાચૂકા અને અટપટા પંથો છે, કે માણસ એમાં અટવાઈ જાય અને સુખ ગુમાવી બેસે. આવી પરિસ્થિતિમાં 'કેવળ માયાળુ થવાની કળાની જ જરૂર છે: શોક અને દુઃખપૂર્ણ દુનિયાને સુખી બનાવવાની એ એક જ કળાની જરૂર છે."

દયારામ ગિદુમલ એ વિચારમાં રહેલા તત્ત્વને આગ્રહપૂર્વક સમર્થન આપતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચાસ વર્ષો પૂર્વે, ગુજરાતના જીવનમાં આજે જે સુખસગવડો અને સરળતા જોવામાં આવે છે તે નહોતાં. જિલ્લા ન્યાયાધીશને પણ પોતાના વપરાશના પાણી માટે બંગલાના ચોગાનની બહારના કોઈ દૂરના કૂવેથી પાણી ભરાવી મંગાવવાની વ્યવસ્થા કરવી પડતી હતી. દયારામ એક વખત એવા બંગલામાં નિવાસ કરતા હતા. પાણી લાવવાની બાબતમાં નોકરને સખત મહેનત અને વેતરું કરતો જોઈ દયારામભાઈને એક વખત એમ થયું કે સ્નાન કરવા માટે જાતે દૂરના કૂવા ઉપર જવાથી નોકરની તકલીફ ઓછી થશે. એમણે નોકરને અભિપ્રાય જણાવ્યો ત્યારે એ બિચારો સ્તબ્ધ બની ગયો. એને કેટલાક વખત સુધી એવું થયું કે મારા કાન દગો તો દેતા નથી! ન્યાયાધીશોની પ્રતિષ્ઠાને નોકરો તો માન આપવાને અને પૂજવાને ટેવાયેલા હતા, એટલે એની એવી દશા થઈ. કૂવો એક મંદિરની માલકીનો હતો એટલે જાહેર જનતા માટે ખુલ્લો હતો. એથી દયારામે ધાર્યું કે એનો ઉપયોગ કરવામાં કોઈ પણ પ્રકારનો કોઈને વાંધો ન હતો.

એક દિવસે સવારે તેઓ ત્યાં સ્નાન કરતા હતા એવામાં એ મંદિરને પૂજારી ત્યાં આવી પહોંચ્યો. દયારામ કદી મંદિરમાં ગયા નહોતા તેમ જ ત્યાં કદી ભેટ-પૂજા કરી નહોતી, એટલે પૂજારી તેમને ઓળખતો નહોતો. તેથી એણે એમના ત્યાં સ્નાન કરવા માટે વાંધો ઉઠાવ્યો અને એમને ગાળો દીધી. એવામાં કેટલાક લોકો ત્યાં ભેગા થયા અને ટોળામાંથી એક જણે ત્યાં જઈ પૂજારીના કાનમાં જેમને તેણે ગાળો દીધી હતી તેમના દરજ્જાનું ઓળખાણ આપ્યું. એ ઉપરથી પૂજારી ત્યાંથી ચુપચુપ ચાલતો થયો. ન્યાયાધીશ સાહેબની મહેરબાની મેળવવા કેટલાક લોકોએ યોગ્ય અધિકારીઓ આગળ એ વાતની જાણ કરી, જેથી કરીને એને શિક્ષા થાય. દયારામભાઈને એ વાતની ખબર પડી એટલે એમણે એ બાબતની મનાઈ કરી. એમણે જણાવ્યું કે પૂજારીની ઔપચારિક પરવાનગી વગર ત્યાં સ્નાન કરવા જવામાં તેઓ વાજબી રીતે હકદાર નહોતા. એમનું કૃત્ય અયોગ્ય હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ રોજ સવારે શહેર બહાર ચાલી ફરવા જતા હતા. એક દિવસે, એ સમય દરમિયાન, તેમણે એક પોલીસને જોયો. એ એક ગામડિયાને—કઠિયારાને— હેરાન કરતો હતો. એ બિચારો લાકડાની ભારી વેચવા જતો હતો. પોલીસ એની પાસેથી અયોગ્ય રીતે પૈસા પડાવવા માગતો હતો એ દેખીતું હતું. દયારામભાઈ એની પાસે પહોંચી ગયા અને પોલીસને એના અયોગ્ય રસ્તા માટે ઠપકો આપવા લાગ્યા. તેઓએ પોતે તો સાદો પોશાક પહેર્યો હતો, એટલે પોલીસે તેમને કોઈ ગમે તેવા સામાન્ય માણસ ધારી લીધા અને તેથી ધમકી આપી તે કહેવા લાગ્યો કે, "તારી દાઢી ખેંચી કાઢીશ ! બોલવાનું બંધ કર!" દયારામ ઘેર ગયા અને પેલા ગામડિયા વતી ફરિયાદ નોંધાવી એમણે એને યોગ્ય શિક્ષા કરાવી.

એક દિવસ દયારામભાઈ પાસે તાત્કાળિક, બહુ જ જરૂરી નાણાં માટે, એક જણે મદદની માગણી કરી. એ માસ માટેનાં અંદાજી નાણાં પૂરાં થઈ ગયાં હતાં, એટલે દયારામભાઈ કેટલીક મિનિટો સુધી મૂંઝવણમાં પડી ગયા અને શું કરવું એ સૂઝયું નહિ. તેઓ હૃદયના એટલા દોલા હતા કે આવી પ્રામાણિક નાણાંની યાચનાને ના પાડવાનું તેમને ગમ્યું નહિ. છેવટે વિચાર કરતાં તેમને એમ લાગ્યું કે નાણાંની મદદ માટે રસ્તો તો કાઢવો જોઈએ. તેઓએ રોજ કોર્ટમાં–કચેરીમાં જવા આવવા માટે એક ઘોડાગાડી ભાડે રાખી હતી. પોતે કોર્ટમાંથી ચાલતા પાછા ઘેર ફરે તો ઘોડાગાડીવાળાને આપવાના પૈસામાંથી અર્ધો બચાવ કરી શકે. એ નાણાં મદદ યાચનારને આપવાથી એનું કામ સરે એવું હતું. પણ એમને એમ થયું કે ઘોડાગાડીવાળો એ વાત સ્વીકારશે? ઘોડાગાડીવાળાને બોલાવીને એ બાબત પૂછી લીધી અને જ્યારે ઘોડાગાડીવાળાએ એમની વાત સ્વીકારી ત્યારે એમને ખૂબ ખૂબ આનંદ થયો.

સિંધમાં ઝાડુ વાળનારાઓનો એક વર્ગ છે. એ હલાલનું ખાનારાઓ —એટલે કે કાયદેસર જે નાણાં રળી શકાય એના ઉપર નિર્વાહ કરનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—મનાય છે. પણ દયારામના સમયમાં તેઓને કેટલું મળતર હતું? દરેક કુટુંબ દીઠ દર માસે ફક્ત બે થી ચાર આના અને રસોડામાંથી વધેલું બે હું જૂહું. એમની એવી દશાનો દયારામને ભારે ખેદ હતો. એક દિવસે એમણે હૈદરાબાદના તમામ ઝાડુવાળાઓને સહકુટુમ્બ—બાળબચ્ચાં સહિત જમવાનું આમંત્રણ આપ્યું અને તેમને ખૂબ ઊંચા પ્રકારની રસોઈ જમાડી. મહેમાનોના સુખી અને આનંદી ચહેરા જોવામાં જ એમને બદલો મળી ગયો.

જ્યારે હું (લેખક) જમ્મુ શહેરમાં હતો ત્યારે મેં પણ એમના દૃષ્ટાન્તનું એક રીતે અનુકરણ કર્યું હતું. અમારે ત્યાંના વહીવટી તંત્રનો એક વડો નિવૃત્ત થવાનો હતો. એના માનમાં કેટલાય મેળાવડાઓ ગોઠવાયા હતા. એ વડાના હિંદી મિત્રોમાં સૌથી આગળપડતો હું મનાતો હતો અને તેથી મારા તરફના મેળાવડા સંબંધે લોકોમાં તરેહ તરેહની ઊંચી કલ્પનાઓ થતી હતી. મેં એક ભોજનનો મેળાવડો ગોઠવ્યો. એમાં કોણ કોણ આવ્યું હતું? એક પાદરી સાહેબ અને એમના હાથ નીચેના બાર ખ્રિસ્તી ઝાડુવાળાઓ — પાદરી સાહેબની સંમતિથી તેઓ સર્વે આવ્યા હતા. પાદરી સાહેબે એ દિવસે ખાસ કાળજી રાખીને એમને તદ્દન સ્વચ્છ અને સફાઈવાળો પોશાક પહેરીને આવવાનું સૂચવ્યું હતું. એ પ્રમાણે જ તેઓ આવ્યા હતા. અમે બધા એક જ રસોઈ જમ્યા. અમને બધાંને પીરસનારાઓ એક જ બ્રાહ્મણો હતા. અમે જરા જુદા જુદા બેઠા હતા. ભંગીઓ અમારી સામેની જરા દૂરની હારમાં બેઠા હતા, એટલું જ. મુખ્ય મહેમાન જે સ્કૉટલૅન્ડના વતની હતા એ પ્રેસ્બિટેરિયન ભાવના ધરાવતા હતા અને અમે પણ—હું તથા મારાં પત્ની પણ — એ ક્ષણે તો પ્રેમ અને ઉદારતાના આવેશમાં હતાં છતાં, એમને એટલે દૂર બેસતાં અમે અટકાવી શક્યા નહિ.

આ પ્રકારની દયારામભાઈ વિષે અનેક વાતો છે. એ ઉપરથી, એ સમયે દયારામભાઈ વિષે એ સમયના જે લોકો એમને પિછાનતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, તેઓ એમને કેમ એટલા બધા ચાહતા હતા અને એમના તરફ કેમ એટલી બધી માનવૃત્તિ ધરાવતા હતા એ સમજવું મુશ્કેલ નથી.

દયારામભાઈ માટેનો લોકોનો પ્રેમ અને ઉત્સાહ એવા પ્રકારનો હતો કે કેટલીક વખત તેમને માટે, સામાન્ય રીતે નિયમસરનાં પગલાં લેવાં બાજુએ મૂકી કંઈક અંશે નિયમ બહારનાં પગલાં પણ, તેમની અનુકૂળતા ખાતર લેવામાં લોકો અચકાતા નહિ. એવા એક પ્રસંગની નોંધ લઈ આ પ્રકરણનો અંત આણીશ.

એક દિવસે સાંજે દયારામભાઈ બાંદરા સ્ટેશનેથી કોલાબા સ્ટેશને આવ્યા હતા. એ સમયના કરતાં હાલમાં તો રેલવે લાઈનોનો વ્યવહાર ઘણો ફરી ગયો છે. સિંધમાં પોતાના વતનમાં પાછા ફરતા કેટલાક સિંધી મિત્રોને વળાવવા માટે દયારામભાઈનું કોલાબા સ્ટેશને આગમન થયું હતું. જે ટ્રેનમાં સિંધીભાઈઓ સિંધ જતા હતા તે ટ્રેન પહેલાં કેટલાક સમય અગાઉ કોલાબાથી બાંદરા જવાની છેલ્લી લોકલ ગાડી ઊપડી જતી હતી. એ રીતે દયારામભાઈને બાંદરા જવાની સગવડ રહેતી નહોતી અને કોલાબા સ્ટેશન ઉપર જ તેમને રાત્રિ ગાળવી પડે એવો પ્રસંગ આવી પડ્યો હતો. વળી પ્લેટફૉર્મ ટિકિટવાળાઓથી સ્ટેશન ઉપરના બીજા વર્ગના આરામગૃહમાં કાયદેસર મુકામ થઈ શકે એમ પણ નહોતું. એટલે પ્લેટફૉર્મ ઉપર જ તેમને રાત ગાળવી પડે એ ઉઘાડું હતું. દયારામભાઈ પાસે પોતાની મોટર પણ નહોતી અને ભાડૂતી મોટર રોકવાના પૈસા પણ નહોતા, કેમ કે તેઓ પોતાની જાત માટે ઓછામાં ઓછા પૈસા ખર્ચતા હતા. દયારામ પોતાની એ વાતની કોઈને જાણ પણ થવા દેતા નહોતા. પરંતુ ઈશ્વરનો કાયદો તો ન્યારો જ હોય છે. એ વસ્તુ ઈશ્વર છુપાવવા દેતો નથી. એમની સદ્‌વૃત્તિનો પ્રકાશ ઢંકાયેલો રહ્યો નહોતો. ઈશ્વરનું કરવું, તે સ્ટેશન માસ્તરના જાણવામાં એ વાત આવી. એણે એકદમ એ બાબતમાં રસ લીધો. દયારામભાઈને એણે જોયા અને દયારામભાઈ એ એને જોયો. તેઓ કેવી રીતે ત્યાં આવ્યા છે એની પૂછપરછ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી લઈ એણે નિર્ણય કર્યો કે દયારામભાઈને કોઈ પણ પ્રકારની અગવડ રહેવી જોઈએ નહીં. એણે કુશળતાથી એવી ગોઠવણ કરી કે સિંધ જતી ટ્રેન પહેલાં ઊપડતી લોકલ ટ્રેન સિંધ તરફ જતી ટ્રેન પછી થોડાક વખતે ઊપડે. વળી એણે કુશળતાથી એવી ગોઠવણ કરી કે સ્ટેશન ઉપર એની જાહેરાત થાય અને દયારામભાઈની નજરે એ જાહેરાત આવે! અને એમ કરવામાં દયારામભાઈને પોતાને માટે કંઈક અનિયમિતતા કરવામાં આવી છે એની ગંધ પણ ન આવે! સ્ટેશન માસ્તર બરાબર સમજતા હતા કે એવી જો એમને ગંધ આવશે તો તેમને દુઃખ થશે.

૧૦

પડછાયો

દયારામભાઈ જેવા ચારિત્ર્યવાન મહાનુભાવને એક પડછાયાએ આવરી લીધા. એ બીના એક બરેબર દુઃખદાયક બીના છે. ઈ. સ. ૧૯૧૩ના માર્ચ માસમાં સત્તાવન વર્ષની ઉંમરે એમણે એક ૨૬ વર્ષની યુવાન કન્યા સાથે લગ્ન કર્યું, અને તે પણ એમનાં પ્રથમનાં પત્નીની હયાતીમાં. હિંદમાં તેમની વિરુદ્ધ સર્વત્ર બુમરાણ થઈ રહ્યું અને વર્તમાનપત્રોએ એ કૃત્યને વખોડી કાઢી જણાવ્યું કે હિન્દના ઇતિહાસમાં આ તો એક અજોડ પતન ગણાય — પીછેહઠ ગણાય.

દયારામભાઈ તેમના આ વર્તન સંબંધે એક પત્રમાં નીચે પ્રમાણે ખુલાસો કરે છે:

"હું તમને હવે એક એવી વાત કહેવા માગું છું કે જેથી તમે આશ્ચર્ય પામશો. તમારી તથા કૃષ્ણાની બન્નેની હું ક્ષમા યાચું છું.

"તમે જાણો છો કે વિશ્વામિત્ર એક ક્ષત્રિય હતા. એમને બ્રાહ્મણ થવું હતું. મારા પિતા એક ભક્ત અને વિદ્વાન હતા. માતૃપક્ષે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગિદુમલ્લ' સાથે સંબંધ ધરાવતો હતો. એ ગિદુમલ્લના નામ ઉપરથી જ સિંધના ગિદુ બંદરનું નામ પડેલું છે. વળી સિંધના ઈરાની ઇતિહાસમાં પણ એમના નામનો ઘણે ઠેકાણે ઉલ્લેખ છે. એ ગિદુમલ્લ ખરેખર એક મહાન પુરુષ હતા.

"ઘણાં વર્ષો પૂર્વે અમદાવાદના મદદનીશ ન્યાયાધીશ તરીકે મને નીમવામાં આવ્યો હતો ત્યારે ત્યાં ભોળાનાથના કુટુંબમાં મેં મુકામ કર્યો હતો. ભોળાનાથ સારાભાઈ એક ભક્ત અને વિદ્વાન હતા. તેમણે ફર્સ્ટક્લાસ સબજજ તરીકે નોકરી કરી હતી અને સરકારે તેમને 'સરદાર'નો ખિતાબ આપ્યો હતો. જાગીરદારીમાં સરદાર તરીકે તેમને ઘણી જાગીરો આપવામાં આવી હતી. તેમણે અમદાવાદમાં 'પ્રાર્થના સમાજ'ની સ્થાપના કરી હતી. ટાગોર કુટુમ્બના તેઓ મિત્ર હતા. ગુજરાતીનો અભ્યાસ મેં આરંભ્યો ત્યારે સુંદર ગુજરાતી ભજનો ગાવાનો મને શોખ હતો.

"એમના એક પુત્ર નરસિંહરાવે પણ મારી માફક એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. તેઓ પણ મારી માફક 'સ્ટેટ્યુટરી સિવિલ સર્વિસ'માં જોડાયા હતા. અમારા પૂર્વજીવનમાં મારી અને શ્રી. મલબારીની માફક અમે બન્ને મિત્રો હોઈશું એમ મારી ખાતરી છે.

"ધૂળિયાના ન્યાયાધીશ તરીકે મારી બદલી થઈ હતી ત્યારે શ્રી. નરસિંહરાવની બદલી પણ ત્યાંના કલેક્ટરના અંગત મદદનીશ તરીકે થઈ હતી. એમનું કુટુમ્બ ત્યાં આવી પહોંચ્યું ત્યાર પહેલાં થોડા દિવસો તેમણે મારે ત્યાં વસાવટ કર્યો હતો. ત્યાર પછી તેમણે એક સ્વતંત્ર મકાનમાં રહેવાનું શરૂ કર્યું. ભોળાનાથનું કુટુમ્બ ગુજરાતનાં બ્રાહ્મણ કુટુમ્બોમાં અગ્રસ્થાન ભોગવતું હતું. તેઓ નાગર ગૃહસ્થ હતા. આવા બ્રાહ્મણ કુટુમ્બ સાથે મારા જેવા એક ક્ષત્રિયને સંબંધ સાંપડ્યો — તેમના ઘરના એક સભ્ય જેવો બની ગયો — એ વાત જાણી તમને નવાઈ લાગશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ધૂળિયામાં નરસિંહરાવની સૌથી જ્યેષ્ઠ પુત્રી — લક્ષ્મણપત્નીનું નામ ધરાવતી — ઊર્મિલાનાં મને પ્રથમ દર્શન થયાં.

"કુમારિકાનું પાવિત્ર્ય અને સુંદર આત્મબળ એના મુખ ઉપર ઝળહળતું હતું અને હું એના તરફ આકર્ષાયો. તેમ છતાં અમે તો પ્રસંગોપાત્ત જ મળતાં — અને એવામાં મારી બદલી થઈ.

"ત્યાર બાદ — ઈ. સ. ૧૯૦૮ની શરૂઆતમાં એક દિવસે હું બાંદરા ગયો. સેવા-સદન સંસ્થાની વ્યવસ્થા સંબંધે મારા મિત્ર મલબારીને મારે મળવું હતું. બાંદરામાં એક જાણીતી સડક છે કે જે બાંદરાના 'બહેરામજી પોઈન્ટ' નામના સ્થળ સુધી જાય છે. આ સડક ઉપર હું ઘણી વાર ફરવા નીકળી પડતો. સડકની બાજુએ કેટલીક બેસવાની જગ્યાઓ પણ રાખવામાં આવી છે. ત્યાંના એક પથ્થરના બાંકડા ઉપર હું બેઠો. મને ખબર નહોતી કે શ્રી. નરસિંહરાવભાઈ તેમના કુટુમ્બ સાથે નજીકમાં જ રહે છે. તેમને મળવાનો તો મને સ્વપ્નેય ખ્યાલ નહોતો. એકાએક, શ્રી. નરસિંહરાવભાઈનાં ધર્મપત્નીએ મને તેમના 'બ્લુ' બંગલામાંથી જોયો અને તેમણે મને સંદેશો મોકલી તેમના બંગલાના ઉપરના માળે બોલાવ્યો. હું ત્યાં ગયો ત્યારે ઊર્મિલાને મેં ફરીથી જોઈ. એણે મારી સાથે એક મિત્રની માફક છૂટથી વાતો કરવા માંડી અને એને નડતી મુશ્કેલીઓ મને વિશ્વાસમાં લઈ જણાવી. મેં તેને 'સેવા-સદન'માં કામ કરવા લલચાવી. એને હારમોનિયમ વગાડતાં આવડતું હતું. એનો સ્વર પણ આકર્ષક હતો. એ ચિત્રો પણ દોરતી. અંગ્રેજી એને સારું આવડતું હતું અને એણે ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં. થોડાક સંસ્કૃતનું પણ તેને જ્ઞાન હતું અને ગુજરાતીમાં કાવ્યો લખી શકતી હતી. 'સેવા-સદન'ના કાર્યને અંગે હું બાંદરાની મુલાકાતો લેતો હતો એ સમયે એના પિતામહે રચેલાં ભજનો તે મને ગાઈ સંભળાવતી હતી. 'સેવા-સદન'માં એ એક નિયમિત અને સતત કાર્ય કરનારી બની ગઈ હતી. સંગીત અને ભરતકામ એણે 'સેવા-સદન'ની બહેનોને શીખવવા માંડ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામે ત્યાંની ઘણી સ્ત્રીઓ એના ઉપર ખૂબ પ્રેમ ધરાવતી થઈ ગઈ હતી.

"પ્રથમ તો મારો તેના ઉપરનો પ્રેમ ભ્રાતૃપ્રેમ તરીકે ઉત્પન્ન થયો હતો. ગ્રીક તત્ત્વવેત્તા 'પ્લેટો'એ જણાવેલો ઉચ્ચ અને પવિત્ર આદર્શવાળો એ પ્રેમ હતો. પણ ધીમે ધીમે એ પ્રેમે ઉષ્મા ધારણ કરવા માંડી. વિચિત્ર તો એ બન્યું કે ઘણાય યુવાનો અને ધનવાન પુરુષો તરફથી — એક રાજકુંવર તરફથી પણ — એની સાથે લગ્ન કરવાની માગણીઓ આવેલી, પરંતુ એ સર્વનો નકાર કરી એણે તો જણાવ્યું કે તે મારા સિવાય બીજા કોઈ સાથે લગ્ન કરવાની નથી. પરિણામે ઈ. સ. ૧૯૧૩ના એપ્રિલ માસની ૩જી તારીખે શીખ ધર્મની આનંદ વિધિ પ્રમાણે અમે લગ્નગ્રંથિથી જોડાયાં. એના પિતા એક કવિ છે અને તેઓ એમનાં પત્નીને ખૂબ ચાહે છે. મારું થયેલું લગ્ન ગુપ્ત રાખેલું હતું. પણ જ્યારે મેં તેમને સર્વ સમજાવ્યું ત્યારે શ્રી. નરસિંહરાવભાઈ, તેમનાં પત્ની અને તેમના પુત્રને સમજણ પડી કે આ બાબત તો બે જોડાયાં આત્માઓની જ છે અને અપવાદરૂપ છે. પરિણામે તેમણે મને તેમના કુટુમ્બમાં દાખલ કર્યો છે. તેઓ સર્વે અત્યારે અહીં દાર્જીલિંગમાં — જ્યાં અમે આવ્યાં છીએ ત્યાં — મારી સાથે જ છે. તાજેતરમાં જ અહીં દાર્જીલિંગમાં મેં એમને સર્વ વાતથી વાકેફ કર્યાં છે અને આખોય કિસ્સો સમજાવ્યો છે.

"સૂફી પંથ વિષે તમે નિઃશંક વાંચ્યું છે. આંગ્લ કવિ બ્રાઉનિંગ વિષે જો તમે વાંચશો તો મારું દૃષ્ટિબિંદુ તમને સમજાશે. ગુજરાતના એક સર્વોચ્ચ બ્રાહ્મણ કુટુમ્બની ૨૬ વર્ષની એક કુમારિકા મને પતિ તરીકે પસંદ કરે છે અને મારી સાથે લગ્ન કરે છે. એ એક સ્વયંવર લગ્ન છે. એ જાણે છે કે હું વૃદ્ધ થયો છું, અને નિવૃત્તિવેતન ઉપર રહું છું. છતાં ઉચ્ચ અને પવિત્ર પ્રેમથી પ્રેરાઈ એણે મારી સાથે લગ્ન કર્યું છે. દ્રવ્યની એને જરાય દરકાર નથી. નિવૃત્તિ-વેતન લઈને ઘેર બેઠો ત્યારથી બાંદરાના 'બ્લુ બંગલા'માં હું રહ્યો છું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે મારી સર્વ જરૂરિયાતો ઉપર દેખરેખ રાખ્યા કરી છે. બીજે કોઈ પણ ઠેકાણે વસવાટ કરવા જવાની તે ધસીને ના પાડે છે. અમે બન્નેએ અમારી જુદી જુદી રીતે કસોટી કરી છે અને કર્મ — પ્રારબ્ધ — ના સિદ્ધાન્તના વિદ્યાર્થી તરીકે હું માનું છું કે અમારા બન્ને આત્મા એકબીજાના પૂરક તરીકે જ છે.

"તાજેતરમાં જ મારા હાથમાં એક નવલકથા આવી હતી — 'વાયોલેટ ટવીડલ' નામના લેખકની 'અતૃપ્ત પુષ્પ' નામની નવલકથા. દાર્જીલિંગમાં આવેલી ન્યૂમેન કંપનીની એક દુકાનેથી મેં એ નવલકથા એક રૂપિયામાં ખરીદી લીધી હતી. એ પ્રત તો 'સેકન્ડ હેન્ડ'— વપરાયેલી જૂની હતી. એની અસલ કિંમત એક રૂપિયો બાર કે ચૌદ આના હશે અને કલકત્તાની ન્યૂમેન કંપની — પુસ્તક વિક્રેતાઓને ત્યાંથી મળી શકશે. એ નવલકથામાં મારા કૃત્યનો બચાવ કરે એવી દલીલો મળી આવશે.

"સૌથી અગત્યનો અને તાત્ત્વિક મુદ્દો આવા પ્રશ્નના ઉત્તરમાં રહેલો છે — "થવું અને કરવું એ બેમાં વધારે મહાન કયું?" મારા જ્ઞાન અને સમજણ પ્રમાણે મેં પ્રવૃત્તિમય જીવન ગાળ્યા કર્યું છે અને મારી પોતાની રીતે સારાં કાર્યો કર્યા કર્યાં છે — લોકહિતનાં કાર્યો કર્યાં છે. મેં યોગસૂત્રોનો અભ્યાસ કર્યો છે અને ધ્યાનનો અભ્યાસ પણ કર્યો છે. યોગસૂત્રોમાં એક ઠેકાણે એમ જણાવ્યું છે કે કોઈ પણ એક જ વસ્તુ વા એક જ પ્રેમપાત્ર વ્યક્તિનું ધ્યાન ધરવાની ટેવ પાડવાથી, એને આલંબન સ્થાન આપ્યાથી, ધ્યાન-પ્રક્રિયાની પરિપૂર્ણતા સધાય છે. એ સૂત્રનો આધાર લઈ કેટલાક સાધકો સૂર્યનું આલંબન લે છે, કેટલાક પોતાના ગુરુનું આલંબન રાખે છે ત્યારે બીજાઓ પરમાત્માનું પિતા અથવા માતા તરીકેનું આલંબન ગ્રહણ કરે છે. સૂફી મતવાદીઓ અને ગૂઢવાદીઓ સામાન્ય રીતે એમ માને છે કે પરમાત્માને પહોંચવાનો સૌથી ટૂંકો માર્ગ પ્રેમમાર્ગ છે. આંગ્લકવિ બ્રાઉનિંગ પણ વારેઘડીએ એ જ માર્ગનો ઉપદેશ આપે છે. એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પોતાની પત્નીને આદર્શ મૂર્તિ માની છે અને એની પત્નીએ પોતાના પતિને આદર્શ ધ્યેય તરીકે માન્યો છે. પ્રેમે એના અસ્તિત્વને પૂર્ણતા અર્પી છે — એના જીવનને સમૃદ્ધ બનાવ્યું છે.

"'વાયોલેટ ટવીડલ' સાચી રીતે જ જણાવે છે કે 'જીવનનો કાયદો કર્મનો કાયદો છે પરંતુ કરવા કરતાં 'થવું' વધારે મહાન છે. મનુષ્યના પોતામાં જે કંઈ સત્ત્વ હોય — જે મનોવૃત્તિ હોય — એના કરતાં વિશેષ 'કરવું' એને માટે અશક્ય હોય છે.'

"મારી ધ્યાનની પ્રક્રિયા કરતી વખતે મને એ ક્રિયામાં અપૂર્ણતા માલૂમ પડી અને વધારેમાં મને એમ પણ માલૂમ પડ્યું કે મારી માનવસેવામાં પણ અપૂર્ણતા રહી જાય છે. પ્રથમ તો મેં પ્રકાશ ઉપર ધ્યાનને કેન્દ્રિત કર્યું. ત્યાર પછી સીતા, સાવિત્રી, અદિતિ, ગંગા, યમુના અને સરસ્વતીનાં આલંબનો લીધાં. એમાંના કોઈને પણ હું અંગત ઓળખતો નહોતો. પણ જ્યારથી મેં ઊર્મિલાને સર્વોચ્ચ સ્થાન આપી એનું આલંબન લીધું ત્યારથી મને જણાઈ ગયું કે મારા ધ્યાનબળની શક્તિમાં વધારો થયા કર્યો છે. ઊર્મિલા પણ મારું આલંબન રાખી પરમાત્માનું ધ્યાન ધર્યા કરે છે. આમ સર્વ જીવનના અસ્તિત્વ પાછળ રહેલા, એને પોષણ આપનારા સર્વશક્તિમાન તત્ત્વનો અનુભવ, અમે બન્ને, પ્રેમના બળથી કરવા શક્તિમાન બન્યાં છીએ.

"તમે એમ ન ધારતા કે દુનિયાનાં વિવિધરંગી આકર્ષક પડળોએ અમને ભૌતિકવાદનાં સુખોમાં ઢાંકી દીધાં છે. જીવનની કિતાબ આશ્ચર્યોથી ભરપૂર હોય છે. તમે ગમે એટલો પ્રયત્ન કરો તોપણ કેટલાંક બળો એવાં હોય છે કે એમના સ્વીકારની ધૂમ તમારે સાંભળવી જ પડે છે, અને કેટલાંક બળ એવાં હોય છે કે માનવ પ્રેમ તમને દૈવી પ્રેમ સાથે ગાઢ રીતે સાંકળી દે છે. ઘણાં વર્ષો સુધી સુષુપ્ત દશા ભોગવનાર એ પ્રેમે મારામાં અત્યંત અને ઝડપી બળ ધારણ કર્યું.

"કોઈ પણ વસ્તુના અંત્ય ભાગ — દોરડાના બે છેડા માફક — ભેગા થઈ શકે છે તેવી રીતે લગ્ન અને સંન્યાસ પણ ભેગાં થઈ શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; જે દુનિયામાં આપણે વિચરીએ છીએ એના અભિપ્રાય પ્રમાણે તો મારા આ લગ્નને સામાજિક મૃત્યુ જ માનવું જોઈએ અને સંન્યાસી એ જ છે કે જે સામાજિક મૃત્યુ સ્વીકારે છે.

"કયાં નિર્ણાયક કારણ ઉપર કાબૂ મેળવી શકાય છે અને કયાં કારણો પ્રારબ્ધમાં આવી જાય છે—એ બેમાં રહેલો તફાવત એક દિવસ તમે સમજી શકશો. એમ થશે ત્યારે જ તમને સમજાશે કે, જીવની કાર્યરેખાઓ કેવી અટપટી રીતે એકબીજાને વારેઘડીએ ઓળંગ્યા કરે છે અને જીવનના તાણાવાણા કેવી રીતે પરમાત્માના પ્રેમને બહાર પ્રકાશમાં આણે છે. ખરેખર, ઈશ્વરપ્રેમ સ્વરૂપ છે એની તમને ત્યારે જ ખબર પડશે.

"ધનનો ત્યાગ કરવો મારે માટે સહેલો હતો. દુનિયાના માનનો ત્યાગ મારે માટે એટલો સહેલો નહોતો. હવે હું એવી પરિસ્થિતિમાં મુકાયો છું કે એ માન-વૃત્તિનો ત્યાગ પણ સહેલો બની ગયો છે. ઈશ્વર મને સમજે છે પણ દુનિયા સમજે એવો સંભવ નથી અને લોકો મને એવો પજવશે કે મારી સર્વ અહંવૃત્તિને દૂર કરવાનો મને અભ્યાસ પડશે. પરિણામે મારું 'માનસ' હોવાપણું-વધારે સમૃદ્ધ બનશે અને આ જીવનમાં નહિ તો બીજા જીવનમાં પણ હાલ જેટલું કરી શકયો છું તેના કરતાં વધારે કરી શકીશ. મને શોચ તો ફક્ત એટલો જ થાય છે કે મારી સાથે સંકળાયલા અને મારા સંબંધમાં આવેલા કેટલાકને નુકસાન થશે અને તે પણ મારા પૂર્વજીવનના પ્રારબ્ધવશાત્ કરેલાં પાપોને લીધે જ મારે નસીબે આવું જોવા લખાયું છે! વિધિનો આ કેવો કટાક્ષ? જે કામ બીજા કરતા ત્યારે હું મરકરી કરી હસતો તે કામ મારે જ કરવું પડે છે! 'મનસા, વાચા અને કર્મણા' હું અહિંસાનો ઉપદેશ આપતો અને હવે હું જ હિંસા કરવા બેઠો છું-હિંસા કરવાની મને ફરજ પડી છે! આ દુનિયા આત્માની એક ઉછેર-ભૂમિ છે-માનવતાની તાલીમ-ભૂમિ છે; આત્મ-વિકાસના કાયદાઓનો કક્કો એમાંથી શીખવાનો મળે છે-કુલીનતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સુખનો કક્કો પણ એમાંથી શીખાય છે. જેમને આપણે કોઇ રીતે દુઃખ દીધું હોય છે અથવા જેઓએ આપણને કોઈ રીતે દુઃખી કર્યા હોય છે એ માટેનો બાહ્ય ન્યાય અવશ્ય ચૂકવાય છે. આપણા લેણદારો અને દેવાદારો એ સર્વને બદલો આપવાનો કે લેવાનો સમય–ઋણાનુબંધનો કાયદો–અવશ્ય આવે છે અને એ રીતે માનવી પ્રતિકારના કાયદાથી અમર ભાવી પૂર્ણ કરવાનો અનુભવ કરે છે, અને અંતે શીખ મેળવે છે કે ઈશ્વર ખરેખર પ્રેમસ્વરૂપ છે અને એ જ આપણો શ્રેષ્ઠ મિત્ર છે. પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે જ સર્વ કંઈ થાય છે તો એ પ્રમાણે ભલે થાઓ!"

આ પ્રમાણેનો એમણે મારા ઉપર (લેખક) પત્ર લખ્યો હતો.

યુવાન પત્નીએ એક પુત્રને જન્મ આપ્યો ત્યાર બાદ એ જ વર્ષમાં એનું અવસાન થયું અને પિતાના મૃત્યુ બાદ પુત્ર પણ આશરે એ વર્ષ જીવી મરણ પામ્યો.

૧૧

અંત

એમનું બીજી વારનું લગ્ન એમને માટે સામાજિક મૃત્યુપ્રહાર સમાન હતું. દુનિયા સાથેનો એમણે સર્વ સંબંધ તોડી નાખ્યો. તેઓ કોઈને મળતા નહીં, અને કેટલાંય વર્ષો સુધી તેમણે કોઈને પત્ર પણ લખ્યો નહીં. એમની નિવૃત્તિ એટલી બધી સંપૂર્ણ હતી કે ઈ. સ. ૧૯૨૧ માં મહાત્મા ગાંધીજી મૌલાના અબુલકલામ આઝાદને સાથે લઈને તેમનાં દર્શનાર્થે તેમના મુકામે ગયા ત્યારે પણ દયારામે ક્ષમા યાચી દર્શન આપવાની અશક્તિ બતાવી. પોતાના પુત્રની દેખરેખ રાખવામાં, પુસ્તકો વાંચવામાં અને આધ્યાત્મિક વિષયમાં પ્રયોગો કરવામાં તેઓ પોતાના સમયનો ઉપયોગ કરતા હતા. પરંતુ જે પુસ્તક વાંચતાં તેઓ કદી થાકતા નહીં એ પુસ્તક તો શીખધર્મના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગ્રંથસાહેબ' જ. તેઓ એક ઠેકાણે જણાવે છે કે 'ગ્રન્થસાહેબ'ની વાણીમાંથી એમને એટલું બધું કંઠસ્થ હતું કે સવારથી સાંજ સુધી તેઓ ગાયા કરે તોપણ એ ખૂટે નહીં.

ઈ. સ. ૧૯૨૭ના ડિસેમ્બરની સાતમી તારીખે એમનું અવસાન થયું. છેક છેલ્લી ઘડી સુધી તેઓ ભાનમાં હતા અને એમના વહાલા અનામી પ્રભુનું નામ ઉચ્ચારતા ઉચ્ચારતા તેઓએ વિદાય લીધી હતી. જેઓ તેમને સમજી શકતા તેઓ કહેતા કે દયારામભાઈ તો સાધુ પુરુષ હતા.

એમના અવસાન બાદ, એમને લક્ષમાં રાખીને સ્વ. કવિ નરસિંહરાવ ભોળાનાથે નીચેનું કાવ્ય રચ્યું હતું.

મંગલ મંદિર ત્હારું, દયામય,
મંગલ મંદિર તહારું—દયામય.
સંત ભગત જન કાજ નિરંતર, દ્વાર રહે જ ઉઘાડું
દીન ભગત જો ઊભો આજે, પૂછે પદ હમારું,
મંગલ મંદિર તહારું—દયામય.
જીવન મૂક્યું દૂર દૂર તેં, ને જુએ મુખ ફરી આવું,
નવજીવનમાં, અમરભૂમિમાં, પ્રિયજન વંદન તહારું,
મંગલ મંદિર તહારું—દયામય.
તુજ પ્રેમલ સુપ્રિત શુદ્ધ સાંનિધ્યમાં, અનુપમ સુખ–
કહી પાઉં,
લે સત્કારી સુતને સન્નિધે, પ્રાર્થના એ જ ઉચ્ચારું;
દયામય, મંગલ મંદિર તહારું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar